અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૫, ગુરુવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ભાદરવા વદ ૪ | અંક : ૭૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### શંકાસ્પદ વિદેશીઓને ૧૦ દિવસમાં નાગરિકતા સાબિત કરવા આદેશ

# અસમની હેમંત બિસ્વા સરકારનું વિદેશી નાગરિકોને અલ્ટીમેટમ

### અસમ કેબિનેટે પ્રવાસી (અસમમાંથી હકાલપટ્ટી) અધિનિયમ, ૧૯૫૦ હેઠળ એક સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP)ને આખરે મંજૂરી આપી દીધી છે

| (એજન્સી) દીસપુર, તા.૧૦ |

અસમની હેમંત બિસ્વા સરમા સરકારે શંકાસ્પદ વિદેશીઓને ૧૦ દિવસમાં પોતાની નાગરિકતા સાબિત કરવાનો આદેશ આપ્યો છે. અસમ કેબિનેટે પ્રવાસી (અસમમાંથી હકાલપટ્ટી) અધિનિયમ, ૧૯૫૦ હેઠળ એક સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP)ને મંજૂરી આપી છે, જે મુજબ જિલ્લા કમિશનરો ૧૦ દિવસની નોટિસ આપશે. જો કોઈ વ્યક્તિ આ સમયમાં નાગરિકતા સાબિત ન કરી શકે, તો તેની હકાલપટ્ટી કરવાનો આદેશ આપવામાં આવશે. મુખ્યમંત્રી સરમાએ જણાવ્યું કે, નવી SOP હેઠળ, જિલ્લા કમિશનરોને શંકાસ્પદ વિદેશીઓને ૧૦ દિવસમાં પોતાની નાગરિકતા સાબિત કરવા માટે નોટિસ આપવાનો અધિકાર મળશે. જો તેઓ નિષ્ફળ જશે, તો જિલ્લા ઉપાયુક્ત હકાલપટ્ટીનો આદેશ જારી કરી શકશે. હવે આવા કેસ વિદેશી ટ્રિબ્યુનલને બદલે સીધા જિલ્લા ઉપાયુક્તો પાસે જશે.



આ વર્ષે જૂનમાં મુખ્યમંત્રી સરમાએ વિધાનસભામાં જાહેરાત કરી હતી કે અસમ સરકાર IEAA ૧૯૫૦ લાગુ કરશે. તેમણે સુપ્રીમ કોર્ટના ઓક્ટોબર ૨૦૨૪ના નિર્ણયનો હવાલો આપ્યો હતો, જે મુજબ ૨૪ માર્ચ, ૧૯૭૧ પછી અસમમાં પ્રવેશ કરનારાઓને ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ ગણવામાં આવશે. SOP લાગુ થવાથી વિદેશી ટ્રિબ્યુનલોની ભૂમિકા ઘટી જશે. મુખ્યમંત્રી સરમાએ જણાવ્યું કે, જો કોઈ વ્યક્તિ વિદેશી હોવાનું જણાશે, તો ઉપાયુક્ત ૧૦ દિવસમાં નાગરિકતા સાબિત કરવા નોટિસ આપશે. જો વ્યક્તિ નિષ્ફળ જશે, તો ઉપાયુક્ત તરત જ હકાલપટ્ટીનો આદેશ આપી તેને અટકાયત કેન્દ્રમાં મોકલશે, જ્યાંથી BSF તેને બાંગ્લાદેશ કે પાકિસ્તાન મોકલી દેશે. રાજ્ય સરકારે વિદેશી ટ્રિબ્યુનલોને બાજુ પર રાખીને ગૂંચવણભર્યા કેસો જ ટ્રિબ્યુનલમાં મોકલવાનો નિર્ણય કર્યો છે, જ્યાં જિલ્લા મેજિસ્ટ્રેટ નિર્ણય ન લઈ શકે. આ IEAA ૧૯૫૦ કાયદો જવાહરલાલ નહેરુ સરકારે પૂર્વ પાકિસ્તાનથી સ્થળાંતર રોકવા માટે બનાવ્યો હતો. આ અધિનિયમમાં કહેવામાં આવ્યું હતું કે જો કેન્દ્ર સરકારના મતે કોઈ વ્યક્તિનું (જે સામાન્ય રીતે ભારતના બહારના કોઈ સ્થળનો નિવાસી છે અને અધિનિયમ લાગુ થવા પહેલાં કે પછી અસમ આવ્યો છે) રાજ્યમાં રહેવું ભારતની સામાન્ય જનતા કે તેના કોઈ વર્ગ કે અસમમાં કોઈ અનુસૂચિત જનજાતિના હિતો માટે હાનિકારક છે, તો તે આવી વ્યક્તિને નિર્દિષ્ટ સમયમર્યાદાની અંદર અસમ કે ભારતમાંથી હકાલપટ્ટી કરવાનો નિર્દેશ આપી શકે છે.

### સરહદ પર ૮ કિમીનો લાંબો જામ લાગ્યો!

## નેપાળમાં Gen-Z વિરોધના લીધે ૨૫૦૦ ભારતીય પ્રવાસીઓ અટવાયા

### પોખરા અને કાઠમંડુમાં ઘણી હોટલો ભારતીય પ્રવાસીઓથી ભરેલી છે, જે ટ્રાફિક અને કર્ફ્યુને કારણે ભારત પાછા ફરી શકતા નથી

| (એજન્સી) કાઠમંડુ, તા.૧૦ |





નેપાળમાં બે દિવસના આંદોલનને કારણે ભૈરહવાનું ગૌતમ બુદ્ધ ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યું છે. આ કારણે સેંકડો ભારતીય પ્રવાસી નેપાળમાં અટવાઈ ગયા છે. પોખરા અને કાઠમંડુમાં ઘણી હોટલો ભારતીય પ્રવાસીઓથી ભરેલી છે, જે ટ્રાફિક અને કર્ફ્યુને કારણે ભારત પાછા ફરી શકતા નથી. આ દરમિયાન નેપાળના કસ્ટમ્સ બંધ થવાને કારણે સોનાલી સરહદ પર લગભગ આઠ કિલોમીટર લાંબો જામ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, પોખરામાં લગભગ ૮૦૦ ભારતીય પ્રવાસીઓ ફસાયેલા છે, જ્યારે કાઠમંડુમાં આ સંખ્યા ૨૦૦૦ની નજીક છે. હોટલ માલિકોએ ભારતીય પ્રવાસીઓની યાદી પણ વહીવટીતંત્રને સોંપી છે, જેથી તેમની સલામતી અને સરહદ સુધી સલામત પહોંચ સુનિશ્ચિત કરી શકાય. ભૈરહવા એરપોર્ટ બંધ થવાથી નેપાળમાં ફસાયેલા ભારતીયોના પરત ફરવામાં મુશ્કેલીઓ વધુ વધી ગઈ છે, જ્યારે સરહદી વિસ્તારમાં વેપાર અને ટ્રાફિક સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે. નેપાળ વહીવટીતંત્ર અને સુરક્ષા એજન્સીઓ સાથે મળીને મુસાફરોની સુરક્ષા જાળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. પોખરા અને કાઠમંડુમાં ફસાયેલા પ્રવાસીઓનું કહેવું છે કે, કર્ફ્યુને કારણે તેઓ તેમની હોટલોમાંથી બહાર પણ નીકળી શકતા નથી. ભારતથી નેપાળ આવતા ટ્રાન્સપોર્ટરો પણ વેરહાઉસમાંથી પોતાનો માલ બહાર કાઢી શકતા નથી, જેના કારણે સ્ટોરેજની સમસ્યા સર્જાઈ છે. સોનાલી, નૌતનવા અને અન્ય ચેકપોઈન્ટ પર લગાવવામાં આવેલા જીજીમ્ બેરિકેડને કારણે કડક ચેકિંગ પછી જ નેપાળી કાર્ગો અને રાહદારીઓની અવરજવર શક્ય છે. નેપાળમાં બગડતી રાજકીય અને સામાજિક પરિસ્થિતિને કારણે નેપાળ-ભારત સરહદ પર આવેલું બેલ્હિયા કસ્ટમ મંગળવારે થોડા કલાકો માટે ખુલ્લું હતું, પરંતુ પરિસ્થિતિ કફોડી બનતા તેને ફરીથી બંધ કરવામાં આવ્યું હતું. કસ્ટમ બંધ થવાને કારણે સોનાલી સરહદ પર કાર્ગો વાહનોની લાંબી કતાર લાગી ગઈ હતી, જે હવે આઠ કિમી સુધી લાંબી છે. આનાથી વેપારીઓની મુશ્કેલીમાં વધારો થયો છે, પરંતુ સામાન્ય લોકો અને પ્રવાસીઓ પણ પ્રભાવિત થઈ રહ્યા છે. નેપાળના મુખ્ય ભાગોમાં કર્ફ્યુ અને સુરક્ષા નાકાબંધીને કારણે સરહદી વિસ્તારમાં સુરક્ષા કડક કરવામાં આવી છે.

### પેન્શન મેળવવા લોકો લાઇનમાં ઊભા હતાં ત્યારે ભયાનક વિસ્ફોટ

## યુક્રેનમાં રશિયાના ગ્લાઇડ બોમ્બ હુમલામાં ૨૧નાં મોત, બે ડઝનથી વધુ લોકો ઘાયલ

| (એજન્સી) કીવ, તા.૧૦ |

રશિયાએ યુક્રેનના એક ગામડા પર કરેલા ગ્લાઈડ બોમ્બ હુમલામાં ઓછામાં ઓછા ૨૧ લોકોના મોત થયા હતાં અને બે ડઝન લોકો ઘાયલ થયાં હતાં. ડોનેત્સ્ક પ્રાંતના યારોવા ગામમાં પેન્શન મેળવવા માટે લોકો લાઈનમાં ઊભા હતાં ત્યારે તેમના પર ભયાનક વિસ્ફોટ થયો હતો, એમ યુક્રેનના પ્રેસિડન્ટ વોલોડીમીર ઝેલેન્સકી અને એક પ્રાદેશિક અધિકારીએ જણાવ્યું હતું. આ હુમલાને ક્રુરતાનું કૃત્ય ગણાવીને ઝેલેન્સકીએ રશિયા પર વધુ પ્રતિબંધ લાદવાની આંતરરાષ્ટ્રીય સમુદાયને વિનંતી કરી હતી.



સંયુક્ત રાષ્ટ્રના જણાવ્યા મુજબ ત્રણ વર્ષના યુદ્ધમાં ૧૨,૦૦૦થી વધુ યુક્રેનિયન નાગરિકોના મોત થયા છે. ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે દુનિયાએ ચૂપ ન રહેવું જોઈએ. દુનિયાએ નિષ્ક્રિય ન રહેવું જોઈએ. અમેરિકા અને યુરોપે વળતા પગલાં લેવાની જરૂર છે. જી-૨૦ દેશોએ પણ પ્રતિક્રિયા આપવી જોઈએ. રશિયાને મોતનું તાંડવ મચાવતા રોકવા માટે કડક પગલાં લેવાની જરૂર છે.તાજેતરના મહિનાઓમાં અમેરિકાના નેતૃત્વ હેઠળના શાંતિ સ્થાપવાના પ્રયાસો તેજ બન્યાં છે, પરંતુ તેમાં હજુ સુધી કોઈ પ્રગતિ થઈ નથી. બીજી તરફ રશિયાએ યુક્રેન પરના તેના હુમલાને વધુ ભીષણ બનાવ્યાં છે.

### ફ્રાન્સની સરકાર વિરુદ્ધ લોકોમાં ભારે રોષ, ઠેર-ઠેર વિરોધ પ્રદર્શન

| પેરિસ, તા.૧૦ |

નેપાળ બાદ હવે ફ્રાન્સના રસ્તાઓ પર લોકોનો રોષ જોવા મળી રહ્યો છે. લોકો રસ્તા પર ઉતર્યા છે અને રાષ્ટ્રપતિ મૈક્રો સરકારની નીતિઓ વિરુદ્ધ પ્રદર્શન કરી રહ્યાં છે. રાજધાની પેરિસમાં આગકાંડ જોવા મળી રહ્યો છે અને લોકો પોલીસ પર પથ્થરમારો કરી રહ્યાં છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ લોકો ઈમૈનુઅલ મૈક્રોન વિરુદ્ધ પ્રદર્શન કરી રહ્યાં છે. લોકોનું કહેવું છે કે મૈક્રોં સરકારે લોકોના જીવનસ્તરને સુધારવા માટે કોઈ કામ કર્યું નથી.

## ન્યૂઝ બ્રિફ

### ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં ૧૫ સાંસદોએ કર્યું ક્રોસ વોટિંગ

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ |

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં દ્ગઙ્ઘછ ઉમેદવાર સીપી રાધાકૃષ્ણનનો વિજય નિશ્ચિત માનવામાં આવતો હતો, પરંતુ વિપક્ષી ઈન્ડિયન ગઠબંધનને ખરો ફટકો તેમના પોતાના મતબેંકમાં થયેલા ઘટાડાથી પડ્યો છે. તેમના ઉમેદવાર બી સુદર્શન રેડ્ડીને માત્ર ૩૦૦ મત મળ્યા હતા, જ્યારે વિપક્ષી છાવણીએ ઓછામાં ઓછા ૩૧૫ મતોની ગણતરી કરી હતી. ખાનગી પોર્ટલના અહેવાલ મુજબ, વિપક્ષી નેતાઓએ અપેક્ષા રાખી હતી કે રેડ્ડીને ૩૧૫ થી ૩૨૪ મત મળશે. પરંતુ પરિણામો દર્શાવે છે કે ઓછામાં ઓછા ૧૫ મત વિપક્ષના નેતાઓ NDAના ઉમેદવારે વોટ કર્યો હોઈ શકે છે.

### કતારમાં ઈઝરાયેલનો હવાઈ હુમલો, હમાસના વડામથકને ટાર્ગેટ કર્યું

| જેરુસલેમ, તા.૧૦ |

હમાસના આતંકવાદીઓ સામેની લડતનો વ્યાપ વધારતા ઈઝરાયેલે કતારના પાટનગર દોહા ખાતે હવાઈ હુમલા કર્યા છે અને હમાસના રાજકીય વડામથકને ટાર્ગેટ કર્યું છે. હમાસ અને ઈઝરાયેલ વચ્ચે શાંતિ મંત્રણા પડી ભાંગી હોવાના સંકેત મળતા હતા ત્યારે જ ઈઝરાયેલે ફરી હુમલા વધારી દીધા છે. હુમલા બાદ દોહાના આકાશ પર કાળા વાદળો છવાઈ ગયા હતા. આ હુમલામાં મોત અને ઈજાગ્રસ્તોની વિગતો હજુ બહાર આવી નથી. હમાસે ઓક્ટોબર, ૨૦૨૩માં ઈઝરાયેલમાં નિર્દોષ નાગરિકોની કત્લેઆમ કર્યા પછી આતંકવાદી સંગઠનની માઠી દશા બેઠી છે.

### સ્વજનો ગુમાવનારાઓના પરિવારોને ૪ લાખ સહાય

| (એજન્સી) ચંદીગઢ, તા.૧૦ |

પંજાબમાં આવેલા પૂરે ખેડૂતોની મહેનત અને સપના પર પાણી ફેરવી દીધું છે. ત્યારે મુખ્યમંત્રી ભગવંત માને તાત્કાલિક એક મોટો નિર્ણય લીધો અને જાહેરાત કરી કે દરેક અસરગ્રસ્ત ખેડૂતને પ્રતિ એકર રૂપિયા ૨૦,૦૦૦નું વળતર આપવામાં આવશે. આ માત્ર પંજાબમાં જ નહીં પરંતુ સમગ્ર દેશમાં અત્યાર સુધીનું સૌથી મોટું વળતર છે. માન સરકારે માત્ર કાગળ પર નહીં પરંતુ ખેડૂતોના દુઃખને સમજીને આ પગલું ભર્યું છે. હરિયાણામાં ખેડૂતોને પ્રતિ એકર રૂપિયા ૧૫,૦૦૦ની મહત્તમ રાહત મળે છે.

### ચૂંટણી પહેલા મોદી સરકારે બિહારને લ્હાણી આપી

## કેન્દ્ર દ્વારા ૪ લેન હાઈવે અને ડબલ ટ્રેક રેલ લાઈનની મંજૂરી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ |

ચૂંટણી પહેલા મોદી સરકારે બિહારને લ્હાણી આપી છે. કેન્દ્રીય મંત્રીમંડળે બુધવારે બિહાર અને પાડોસી રાજ્યોમાં કનેક્ટિવિટી અને આર્થિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે ૭,૬૧૬ કરોડ રૂપિયાના બે મોટા પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. આ મંજૂરીઓ સાથે જ મોદી સરકાર બિહારને અત્યાર સુધીમાં ૧૧ લાખ કરોડ રૂપિયાના પ્રસ્તાવોને મંજૂરી આપી ચૂકી છે. મોદી કેબિનેટની બેઠકમાંલેવાયેલા નિર્ણયોની બ્રીફિંગ કરતા કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, ૩,૧૬૯ કરોડ રૂપિયાના ખર્ચે ભાગલપુર-દુમકા-રામપુરહાટ ડબલ ટ્રેક રેલ લાઈનને મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત ૪,૪૪૭ કરોડ રૂપિયાના ખર્ચથી બક્સર-ભાગલપુર હાઈ-સ્પીડ કોરિડોરના ફોર-લેનને મોકામા-મુંગેર ખંડના નિર્માણને મંજૂરી આપવામાં આવી છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, આ બક્સરથી ભાગલપુર કોરિડોરનો એક ખંડ છે. તેનું રોકાણ રૂ. ૪,૪૪૭ કરોડનું હશે. આ દક્ષિણ બિહારનો એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ છે. મોકામાથી મુંગેર સુધી તેની લંબાઈ ૮૨ કિલોમીટર છે. આ પ્રોજેક્ટના કારણે લગભગ ૧ કલાકનો સમય બચશે.

### પ્રેસિડેન્શિયલ રેફરન્સ અંગેની સુનાવણી આજે પૂર્ણ થવાની શક્યતા

## રાજ્યપાલો પાસેથી વાજબી સમયમાં બિલો અંગે નિર્ણયની અપેક્ષા : સુપ્રીમ

### બંધારણ કલમ ૨૦૦ રાજ્ય વિધાનસભાએ પસાર કરેલા બિલો અંગે નિર્ણય કરવાની રાજ્યપાલની સત્તા સંબંધિત છે

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ |

રાજ્યોના બિલો અંગે રાજ્યપાલની સત્તા અંગેના પ્રેશિડેન્શિયલ રેફરન્સ અંગેની સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે મંગળવારે જણાવ્યું હતું કે બંધારણની કલમ ૨૦૦માં 'શક્ય તેટલી ઝડપ'થી શબ્દોનો ઉપયોગ કરવામાં ન આવ્યો હોય તો પણ રાજ્યપાલો રાજ્યોના બિલ અંગે વાજબી સમયગાળામાં નિર્ણય કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. રાજ્યોના બિલો અંગે નિર્ણય કરવામાં કોર્ટ રાજ્યપાલો અને રાષ્ટ્રપતિ માટે કોઈ સમયમર્યાદા લાદી શકે કે નહીં તે અંગેના રાષ્ટ્રપતિના રેફરન્સ અંગે મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈની આગેવાની હેઠળની પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે આઠમા દિવસે સુનાવણી કરી હતી. ખંડપીઠે પુનરોચ્ચાર કર્યો કે તે ફક્ત બંધારણનું અર્થઘટન કરશે અને વ્યક્તિગત કેસોના તથ્યોની ચકાસણી કરશે નહીં. બંધારણ કલમ ૨૦૦ રાજ્ય વિધાનસભાએ પસાર કરેલા બિલો અંગે નિર્ણય કરવાની રાજ્યપાલની સત્તા સંબંધિત છે. આ સત્તા હેઠળ રાજ્યપાલ બિલોને સંમતિ આપે છે, તેને અટકાવી શકે છે, બિલને પુનર્વિચારણા માટે પરત કરી શકે છે અથવા બિલને રાષ્ટ્રપતિની વિચારણા માટે અનામત રાખી શકે છે. પંજાબ સરકાર વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અરવિંદ દાતારે જણાવ્યું હતું કે બંધારણના ઘડવૈયાઓએ કલમ ૨૦૦માં 'શક્ય તેટલી વહેલી તકે' શબ્દો મૂક્યા છે.

### નથી. અમેરિકા સાથે વેપાર ના કરે તો બ્રિક્સનું કોઈ રાષ્ટ્ર ટકી શકે

## બ્રિક્સ રાષ્ટ્રો અમેરિકા સાથે વેમ્પાયર જેવું વર્તન કરે છે : નવારો

| (એજન્સી) ન્યૂયોર્ક/વોશિંગ્ટન,તા.૧૦ |

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિકટના સાથી પીટર નવારોએ બ્રિક્સ રાષ્ટ્રોની ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે, બ્રિક્સના સભ્ય રાષ્ટ્રો એકબીજાને ધિક્કારે છે, જ્યારે વેપાર મામલે વેમ્પાયરની જેમ અમેરિકાનું શોષણ કરે છે. વ્હાઈટ હાઉસના ટ્રેડ એડવાઈઝર નવારોના મતે બ્રિક્સ સંગઠન ટકી શકે તેમ નથી. બ્રિક્સ સંગઠનમાં મળે બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને સાઉથ આળિકા હતા. ૨૦૨૪માં ઈજિપ્ત, ઈથોપિયા, ઈરાન અને યુનાઈટેડ આરબ એમિરેટ્સ તેમાં જોડાયા હતા, જ્યારે ૨૦૨૫માં ઈન્ડોનેશિયાએ આ સંગઠનમાં પ્રવેશ કર્યો હતો. બ્રિક્સની વધતી ક્ષમતા જોઈને નવારોએ નારાજગી વ્યક્ત કરતાં કહ્યું હતુ કે, બ્રિક્સ રાષ્ટ્રો એકબીજાને ધિક્કારે છે અને એકબીજાને મારી રહ્યા છે. આ સ્થિતિમાં બ્રિક્સ સંગઠન ટકી શકે તેમ લાગતું નથી. એક ઈન્ટરવ્યૂ દરમિયાન નવારોએ યુએસની ક્ષમતાની ડંફાસ હાંકતા કહ્યું હતું કે, આ સંગઠનનો કોઈ પણ દેશ યુનાઈટેડ સ્ટેટ્સને સામાન વેચે નહીં તો, તે ટકી શકે તેમ નથી. અમેરિકામાં નિકાસ કરતી વખતે તેઓ વેમ્પાયરની જેમ વર્તન કરે છે અને ગેરવ્યાજબી વેપાર પદ્ધતિઓ થકી અમેરિકાનું લોહી ચૂસે છે.



## વડોદરામા IT રિટર્ન ફાઇલ કરવાની મુદત વધારવા માગ

। (એજન્સી) વડોદરા, તા.૧૦ ।

હાલમાં દેશના ઘણા રાજ્યોમાં વિનાશક પૂર અને ભેખડો ધસી પડવાની ઘટનાઓ થઈ હોવાથી વિવિધ ઈક્મટેક્સ રિટર્ન અને વર્ષ ૨૦૨૫-૨૬ના ટેક્સ ઓડિટ રિપોર્ટ ફાઈલ કરવાની મુદતમાં વધારો કરી આપવાની ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેક્ટિર્સ દ્વારા નાણામંત્રી સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી છે. ઈક્મટેક્સ પોર્ટલ પર રિટર્ન અપલોડ કરતી વખતે સિસ્ટમ એરરના કારણે ટેકનિકલ ઈસ્યુઓ પણ ઊભા થઈ રહ્યા છે. આ ઉપરાંત ફાઈનાન્સિયલ સ્ટેટમેન્ટના ફોર્મેટમાં સુધારો, આવનારા તહેવારોની સિઝન તેમજ ભારે વરસાદ અને પૂરના કારણે પણ ધંધાકીય પ્રવૃત્તિઓને ફટકો પડ્યો છે. ઈન્ટરનેટ સર્વિસ, વીજ પુરવઠો અને ટ્રાન્સપોર્ટેશન ખોરવાઈ ગયું છે. આવી પરિસ્થિતિઓ વચ્ચે ઈક્મટેક્સ રિટર્ન અને ઓડિટ રિપોર્ટ ફાઈલ કરવાનું અશક્ય થઈ ગયું છે. જેથી નોન ઓડિટ કેસોમાં રિટર્ન ફાઈલ કરવાની છેલ્લી તારીખ ૧૫ સપ્ટેમ્બર છે, તે ૧૫ ઓક્ટોબર કરવા અનુરોધ કર્યો છે. એ જ પ્રમાણે ટેક્સ ઓડિટ રિપોર્ટની તારીખ ૩૦ સપ્ટેમ્બરથી લંબાવીને ૩૧ ઓક્ટોબર, ઓડિટ કેસોમાં ઈક્મટેક્સ રિટર્નની તારીખ ૩૧ ઓક્ટોબરથી લંબાવીને ૩૦ નવેમ્બર અને વિલંબથી રિટર્ન ભરવાની તારીખ ૩૧ ડિસેમ્બરથી લંબાવીને ૨૮ ફેબ્રુઆરી-૨૦૨૬ કરવા રજૂઆત કરવામાં આવી છે.

## વડોદરામાં વીજ પુરવઠો રીપેરીંગ અંગે સવારે ૬થી ૧૦ બંધ રહેશે

। (એજન્સી) વડોદરા, તા.૧૦ ।

વડોદરા શહેરના વિવિધ વિસ્તારમાં રીપેરીંગ અંગે વીજ પુરવઠો આવતીકાલથી જુદી જુદી તારીખોએ સવારે ૬ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધી બંધ રહેશે. રીપેરીંગ વહેલું પૂરું થઈ જશે તો કોઈપણ જાતની જાણ કર્યા વિના વીજ પુરવઠો ચાલુ કરી દેવાશે. ઉલ્લેખનીય છે કે, તરસાલી સબ ડિવિઝન ક્યારે આવશે કાલે તા.૧૦, બુધવારે હવેલી ફીડરના આસપાસનો વિસ્તાર તથા તા.૧૨, શુક્રવારે કામધેનું ફીડરની આસપાસનો વિસ્તાર, તા.૧૧ જીઆઈડીસી સબ ડિવિઝન, તા.૧૧, ગુરુવાર લક્ષ્મી ફીડરના આસપાસનો વિસ્તાર સહિત તા.૧૩, શનિવારે વ્રજધામ ફીડર સહિત આસપાસનો વિસ્તાર, તેવી જ રીતે માંજલપુર સબ ડિવિઝનના તા.૧૦, બુધવારે લક્ષ્મીનારાયણ ફીડરના આસપાસનો વિસ્તાર. તથા તા.૧૨, શુક્રવારે હરિધામ ફીડરના આસપાસનો વિસ્તાર ઉપરાંત લાલબાગ સબ ડિવિઝન તા.૧૨, શુક્રવારે લાલબાગ ફીડરના આસપાસનો વિસ્તાર તથા વાડી સબ ડિવિઝનના તા.૧૧, ગુરુવારે રામ ચોક ફીડરના આસપાસના વિસ્તારમાં રીપેરીંગ અંગે નિયત સમયે વીજ પુરવઠો બંધ રહેશે તેની નોંધ લેવા કાર્યપાલક ઈજનેર, લાલબાગ વિભાગીય કચેરી દ્વારા જણાવાયું છે.

### ગત વર્ષે પહેલા ક્રમે રહ્યું હતું

# સ્વચ્છ વાયુ સર્વેક્ષણમાં સુરત આગ્રા સાથે ત્રીજા ક્રમે આવ્યું

। (એજન્સી) સુરત, તા.૧૦ ।

ભારત સરકારના કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય આયોજિત સ્વચ્છ વાયુ સર્વેક્ષણ માટે આજે દિલ્હી ખાતે એવોર્ડ આપવામાં આવ્યો છે. આ સર્વેક્ષણમાં સુરત સતત બીજા વર્ષે ટોપ થ્રીમાં આવ્યું છે. જોકે, ગત વર્ષે સુરતે આ સ્પર્ધામાં દેશમાં પહેલું સ્થાન મેળવ્યું હતું. આ વર્ષે સુરતનો રેક્ બે નંબર પાછળ ગયો છે અને તે આગ્રા સાથે ત્રીજા નંબર પર આવ્યું છે. સુરત પાલિકાના ઈ-વ્હીકલને પ્રોત્સાહન આપવા તથા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માટે સારી કામગીરી છતાં પણ સુરત શહેરની હવાની ગુણવત્તામાં ગત વર્ષની સરખામણીમાં ઘટાડો થયો હોવાનું સ્વચ્છ વાયુ સર્વેક્ષણના પરિણામ બાદ સાબિત થઈ ગયું છે. સુરતમાં વર્ષ ૨૦૨૩–૨૪માં PM10 ના રજકણોમાં ૧૨.૭૧ % નો નોંધપાત્ર ઘટાડો થયો હતો. વર્ષ ૨૦૨૩માં યોજાયેલા 'સ્વચ્છ વાયુ સુર્વેક્ષણ'માં ઈન્દોરને ૫ હેલું જ્યારે સુરત શહેરને ૧૩મું સ્થાન મળ્યું હતું. જોકે, ત્યાર બાદ પાલિકાએ આ ક્ષેત્રમાં અનેક સુધારા કર્યા હતા અને આ કામગીરી માટે આઈકોનિક પ્રોજેક્ટનો સમાવેશ કર્યો હતો. જેના કારણે ગત વર્ષે આ સ્પર્ધા માટે નિર્ધારિત ૨૦૦ ગુણમાંથી સુરત શહેરે ૧૯૪ ગુણ પ્રાપ્ત કરી પહેલો ક્રમ મેળવ્યો છે. જોકે, ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે વાયુ સર્વેક્ષણમાં સુરતની કામગીરી નબળી જોવા મળી છે તેનું પરિણામ એવોર્ડમાં જોવા મળી રહ્યું છે. ભારત સરકારના પર્યાવરણ, વન અને હવામાન પરિવર્તન મંત્રાલય દ્વારા આજે દિલ્હીના ગંગા ઓડિટોરિયમ, ઈન્દિરા પર્યાવરણ ભવન, નવી દિલ્હી ખાતે એવોર્ડ જાહેર કરવામાં આવ્યો છે આ સમારોહમાં કેન્દ્રીય મંત્રી ભુપેન્દ્ર યાદવના હસ્તે મ્યુનિ. કમિશનર શાલિની અગ્રવાલ અને મેયર દક્ષેશ માવાણીએ એવોર્ડ સ્વીકાર્યો હતો. આ સ્પર્ધામાં દેશના ૧૩૦ શહેરોએ ભાગ લીધો હતો. જેમાં સુરત ગુજરાતમાં એકમાત્ર શહેર જાહેર થયું હતું. આજે પરિણામ જાહેર થયા તેમાં સમગ્ર ભારતમાં સુરતે ત્રીજો ક્રમ મેળવ્યો છે. આ એવોર્ડ સાથે એવી પણ ચર્ચા થઈ રહી છે કે એક વર્ષમાં એવું તો શું થયું કે સ્વચ્છ વાયુ સર્વેક્ષણમાં બે ક્રમ પાછળ ધકેલાઈ ગયું ? જોકે, છેલ્લા બે વર્ષની વાત કરવામા આવે તો નેશનલ લેવલનો આ ૧૦મો એવોર્ડ છે. ભારત સરકારના પર્યાવરણ, વન અને હવામાન પરિવર્તન મંત્રાલય દ્વારા આજે દિલ્હીના ગંગા ઓડિટોરિયમ, ઈન્દિરા પર્યાવરણ ભવન, નવી દિલ્હી ખાતે એવોર્ડ જાહેર કરવામાં આવ્યો છે આ સમારોહમાં કેન્દ્રીય મંત્રી ભુપેન્દ્ર યાદવના હસ્તે મ્યુનિ. કમિશનર શાલિની અગ્રવાલ અને મેયર દક્ષેશ માવાણીએ એવોર્ડ સ્વીકાર્યો હતો. આ સ્પર્ધામાં દેશના ૧૩૦ શહેરોએ ભાગ લીધો હતો. જેમાં સુરત ગુજરાતમાં એકમાત્ર શહેર જાહેર થયું હતું. આજે પરિણામ જાહેર થયા તેમાં સમગ્ર ભારતમાં સુરતે ત્રીજો ક્રમ મેળવ્યો છે. આ એવોર્ડ સાથે એવી પણ ચર્ચા થઈ રહી છે કે એક વર્ષમાં એવું તો શું થયું કે સ્વચ્છ વાયુ સર્વેક્ષણમાં બે ક્રમ પાછળ ધકેલાઈ ગયું ? જોકે, છેલ્લા બે વર્ષની વાત કરવામા આવે તો નેશનલ લેવલનો આ ૧૦મો એવોર્ડ છે.

### અમદાવાદમાં SG હાઇવની ઘટના

## YMCA પાસે નિર્માણાધીન ફ્લાયઓવર પરથી એંગલ પડતાં બેને ઈજા

**આ ઘટનામાં એક દંપતિને ઇજા પહોંચતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા**

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

અમદાવાદના શહેરના વ્યસ્ત એવા SG હાઈવે પર રૂસ્ઝછ સર્કલ પાસે નિર્માણાધીન ફ્લાયઓવર પરથી લોખંડની એન્ગલ પડતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ઘટના આજે પીક અવર્સ દરમિયાન બની હતી, જેના કારણે હાઈવે પર ટ્રાફિક વ્યવહાર ખોરવાયો હતો. આ ઘટનામાં એક દંપતિને ઈજા પહોંચતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાથમિક અહેવાલો અનુસાર અમદાવાદના સરખેજમાં નિર્માણાધીન બ્રિજ પરથી લોખંડની પાઈપ કે જાળી પડતાં અફરાતફરી મચી ગઈ હતી. આ ઘટનામાં બ્રિજનો કોઈ ભાગ ધરાશાયી થયો નથી. જોકે, ચાલી રહેલા બાંધકામ દરમિયાન બ્રિજ પરથી એક લોખંડની પાઈપ (લોખંડની એન્ગલ) નીચે પડી હતી. આ દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલા એક મોટરસાયકલ પર સવાર બે લોકોને ઈજા પહોંચી હતી.

પોલીસના જણાવ્યા મુજબ, ઈજાગ્રસ્ત થયેલા દંપતીને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે અને ઘટનાસ્થળે પહોંચીને પરિસ્થિતિનું નિરીક્ષણ કરી રહી છે. આ ઘટના બાદ બ્રિજ પાસેથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓ માટે સલામતીના પગલાં ભરવા માટે સૂચના આપવામાં આવી છે. આ અંગે વધુ વિગતો તપાસ બાદ જ સ્પષ્ટ થશે. આ ઘટના બાદ બ્રિજ પાસેથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓ માટે સલામતીના પગલાં ભરવા માટે સૂચના આપવામાં આવી છે. આ અંગે વધુ વિગતો તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

### સ્ટંટનો વીડિયો સોશિયલ મીડિયા પર થયો વાયરલ

## વાપીમાં જાહેર માર્ગ પર જોખમી સ્ટંટ કરનાર પાંચ યુવકો સામે પોલીસની લાલ આંખ

। (એજન્સી) વાપી, તા.૧૦ ।

વાપી શહેરમાં ઈદ-એ-મિલાદના જુલૂસ દરમિયાન કેટલાક યુવકોએ જાહેર માર્ગ પર જીવલેણ સ્ટંટ કરી લોકોના જીવ જોખમમાં મૂક્યા હતા. આ ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર મામલો પોલીસના ધ્યાન પર આવ્યો હતો. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને આ સ્ટંટ કરનાર પાંચ યુવકોની ધરપકડ કરી છે. વાયરલ થયેલા વિડીયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે જુલૂસ દરમિયાન એક કાર ધીમી ગતિએ ચાલી રહી હતી અને તેના બોનેટ પર બે થી ત્રણ યુવકો બેસીને જોખમી સ્ટંટ કરી રહ્યા હતા. આ બેદરકારીભર્યા કૃત્યને કારણે માત્ર તેમના પોતાના જ નહીં પરંતુ રસ્તા પર ચાલી રહેલા અન્ય લોકો અને વાહનચાલકોના જીવને પણ જોખમમાં મુકાયા હતા. આ ઘટના બાદ વાપી પોલીસે વિડીયોમાં દેખાતી કારના નંબરના આધારે તપાસ શરૂ કરી હતી.પોલીસે ઝડપથી કાર્યવાહી કરીને સ્ટંટ કરનાર યુવકોની ઓળખ કરી અને તેમની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ભ્રષ્ટાચાર મુદ્દે કોંગ્રેસનો દેખાવ

। (એજન્સી) રાજકોટ, તા.૧૦ ।

ગુજરાતમાં શિક્ષણ બચાવો આંદોલન લઈને મંગળવારે (નવમી સપ્ટેમ્બર) કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કેમ્પસમાં દેખાવ કર્યો હતો. પોલીસ બંદોબસ્ત વચ્ચે કુલપતિ ડૉ. ઉત્પલ જોશી પોતે આવેદન સ્વીકારવા માટે આવ્યા હતા, પરંતુ નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા (NSUI)ના કાર્યકર્તાઓએ મુખ્ય બિલ્ડિંગમાં પ્રવેશવાનો પ્રયત્ન કરતા પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. આ દરમિયાન કોંગ્રેસ કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. જેથી પોલીસે કોંગ્રેસ અને એનએસયુઆઈના કાર્યકર્તાઓની અટકાયત કરી હતી.

મળતી માહિતી અનુસાર, રાજકોટની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં શિક્ષણ વિભાગના ભ્રષ્ટાચાર મુદ્દે કોંગ્રેસ દ્વારા દેખાવ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન કુલપતિ ડૉ. ઉત્પલ જોશી આવેદન આપતા NSUIના કાર્યકર્તાઓએ મુખ્ય બિલ્ડિંગમાં બળજબરીથી પ્રવેશવાનો પ્રયાસ કરતા મુખ્ય દરવાજાનો કાચ તૂટી ગયો હતો. કોંગ્રેસ, NSUIના કાર્યકર્તાઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. જેથી પોલીસે કોંગ્રેસ અને દ્રર્જૈના ૫૦ જેટલા કાર્યકર્તાઓની ટીંગાટોળી કરી અટકાયત કરી હતી.

કોંગ્રેસના કાર્યકર્તાઓએ જાણાવ્યું હતું કે, 'અમારા પર લાઠી ચાર્જ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓના હિત માટે અને લડી રહ્યા છીએ, બેફામ માર મારી અમારી અટકાયત કરી કરવામાં આવી છે. અમારો અવાજ દબાવાશે તો ઉગ્ર આંદોલન કરીશું.'

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ભ્રષ્ટાચાર અંગે કોંગ્રેસના કાર્યકર્તાઓએ જાણાવ્યું હતું કે, 'સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ૧૦ કરોડ રૂપિયાના ખર્ચે હોલ ૧૦ વર્ષે પણ તૈયાર થતો નથી. દાતાઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને જમીન આપી છે, પરંતુ તેની આજુબાજુ દબાણ જોવા મળે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કેમ્પસની આજુબાજુ ડ્રગ્સ જેવા દૂષણોનો કાળો કારોબાર ચાલે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પ્રવેશ, પરીક્ષા, પરિણામ અને ડિગ્રીમાં ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. આ ઉપરાંત કાયમી ભરતીના બદલે કોન્ટ્રાક આધારિત ભરતી કરવામાં આવે છે જેને વિષયનું કોઈ જ યાદ હોતું નથી જેને કારણે પરીક્ષાના પરિણામ મોડા જાહેર થાય છે અને અનેક છબરડાઓ સામે આવે છે.'

### જકાત નાકા નજીક ૧૦૦થી વધુ સફાઈ કામદારોએ એકત્રિત થઈ રાજુલા–અમરેલી રોડ ચક્કાજામ કર્યો હતો

## રાજુલાના સફાઈ કામદારોનું ઉગ્ર આંદોલન, કાયમી નોકરી આપવા માગ

। (એજન્સી) અમરેલી, તા.૧૦ ।

અમરેલી જિલ્લાના રાજુલા નગરપાલિકા કચેરી ખાતે છેલ્લા આઠ દિવસથી સફાઈ કામદારો પોતાની વિવિધ માગણીઓને લઈને ધરણા પર બેઠા છે. નગરપાલિકામાં સફાઈ કામદારોને ૧૫-૧૫ દિવસની શિફ્ટ પર રાખવામાં આવે છે, જેને બંધ કરી લાંબા સમયથી કામ કરતા કર્મચારીને કાયમી નોકરી આપવામાં આવે તેવી માગ છે. રાજુલાના સફાઈ કામદારો પોતાની માગને લઈને અનેક વખત સત્તાધીશોને રજૂઆત કરી ચૂક્યા છે, પરંતુ કોઈ ઉકેલ ન આવતા અંતે આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. સફાઈ કામદારો છેલ્લા આઠ દિવસથી ધરણા પર બેઠા છે. પાલિકા દ્વારા સફાઈ કામદારોની માગ સંતોષવામાં ન આવતા અંતે ઉગ્ર આંદોલનનો માર્ગ અપનાવ્યો છે.સોમવારે (આઠમી સપ્ટેમ્બર) રાજુલાના જકાત નાકા નજીક ૧૦૦થી વધુ સફાઈ કામદારોએ એકત્રિત થઈ રાજુલા–અમરેલી રોડ ચક્કાજામ કર્યો હતો. જેના કારણે માર્ગ પર લાંબા સમય સુધી વાહનવ્યવહાર ખોરવાયો હતી. ઘટનાની જાણ થતાં રાજુલા પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને પરિસ્થિતિ કાબુમાં લેવા કામદારો સાથે વાતચીત કરી સમગ્ર મામલો થાળે પાડવા માટેના પ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યા છે. રોડ પરથી સફાઈ કામદારોને હટાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો રહ્યો હતો, પરંતુ જો કામદારોની માગણીઓ સંતોષાય નહીં તો આંદોલન વધુ તીવ્ર બનવાની શક્યતા છે. ઘટનાની જાણ થતાં રાજુલા પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને પરિસ્થિતિ કાબુમાં લેવા કામદારો સાથે વાતચીત કરી સમગ્ર મામલો થાળે પાડવા માટેના પ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યા છે. રોડ પરથી સફાઈ કામદારોને હટાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો રહ્યો હતો, પરંતુ જો કામદારોની માગણીઓ સંતોષાય નહીં તો આંદોલન વધુ તીવ્ર બનવાની શક્યતા છે.

## દહેજ બાયપાસ શ્રવણ ચોકડી નજીક ટ્રક પલટી ગઇ

। (એજન્સી) ભરૂચ, તા.૧૦ ।

દહેજ બાયપાસ રોડની શ્રવણ ચોકડી પાસે કેમિકલ ભરેલ ટાંકાઓ સાથેની ટ્રક રસ્તાની બાજુમાં ખાડામાં ઉતરી જઈ પલટી ખાઈ જતા રૂ.૧૨.૫૫ લાખ ઉપરાંતની કિંમતનું કેમિકલ ટોળાઈ જતા નુકસાન પહોંચાડવા બદલ ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. ભરૂચના રહેવાસી નંદકિશોર શર્મા અંકલેશ્વર ખાતેની સ્વયંભૂ લોજિસ્ટિક ટ્રાન્સપોર્ટમાં બ્રાન્ચ મેનેજર છે. તેમના ટ્રાન્સપોર્ટમાં અલગ અલગ વાહન માલિકોના વાહનો ભાડેથી મેળવવામાં આવે છે. તેમના ટ્રાન્સપોર્ટએ મહારાષ્ટ્રના મયુર ટ્રાન્સપોર્ટની ટ્રક ભાડેથી મેળવી હતી. તે ટ્રકના ડ્રાઈવર તરીકે સલીમ ઈમામ સૈયદ (રહે-મહારાષ્ટ્ર) આવ્યો હતો. ગઈ તા.૪ સપ્ટેમ્બરના રોજ આ ટ્રક દહેજ જીઆઈડીસી ખાતેથી ડેઈટ્રોલાઈટ કેમિકલ ભરેલ ટાંકીઓ ટ્રકમાં લોડ કરી મહારાષ્ટ્ર જવા નીકળી હતી. રાત્રે ૧૨:૩૦ વાગ્યાની આસપાસ દહેજ બાયપાસ શ્રવણ ચોકડી નજીક ટ્રક પલટી થઈ હતી.

### પોલીસ સહિતના સંબંધિત વિભાગે હાથ ધરી તપાસ

## દાંડી બાદ હવે નવસારીમાંથી મળ્યું બિનવારસી કન્ટેનર

। (એજન્સી) નવસારી, તા.૧૦ ।

નવસારીના ઐતિહાસિક દાંડી દરિયાકાંઠે સોમવારે (૮ સપ્ટેમ્બક) રાત્રે બિનવારસી કેમિકલનું કન્ટેનર આવી પહોંચ્યું છે. ત્યાં હાજર હોમગાર્ડ દ્વારા આ વિશે પોલીસને જાણ કરવામાં આવી હતી. આ કન્ટેનરમાં કેમિકલ ભરેલું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. નોંધનીય છે કે, સોમવારે (૮ સપ્ટેમ્બર) પણ દાંડીના દરિયાકિનારેથી આવું કન્ટેનર મળી આવ્યું હતું. આ કન્ટેનરમાં રંગવિહીન કેમિકલ હોવાનું જાણવા મળ્યું હતું. જોકે, હવે નવસારીમાંથી પણ આવું કન્ટનર મળી આવતા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને આ મામલે તપાસ હાથ ધરી હતી. અત્યાર સુધીમાં પોરબંદર, મુન્દ્રા, દ્વારકા, મીઠાપુર, માંડવી અને નવસારી જિલ્લાના દરિયાકાંઠેથી કુલ ૬ જેટલા એક સરખા કન્ટેનર તણાઈને આવ્યા છે. હાલ આ તમામ જિલ્લાના પોલીસે આ વિશે કસ્ટમ વિભાગ સહિત સંબંધિત વિભાગોને જાણ કરી છે. જોકે, હજુ સુધી કન્ટેનરમાં રહેલા પ્રવાહી વિશે કોઈ નક્કર માહિતી સામે આવી નથી. આ મુદ્દે તપાસ કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં પોરબંદર, મુન્દ્રા, દ્વારકા, મીઠાપુર, માંડવી અને નવસારી જિલ્લાના દરિયાકાંઠેથી કુલ ૬ જેટલા એક સરખા કન્ટેનર તણાઈને આવ્યા છે. હાલ આ તમામ જિલ્લાના પોલીસે આ વિશે કસ્ટમ વિભાગ સહિત સંબંધિત વિભાગોને જાણ કરી છે. જોકે, હજુ સુધી કન્ટેનરમાં રહેલા પ્રવાહી વિશે કોઈ નક્કર માહિતી સામે આવી નથી. આ મુદ્દે તપાસ કરવામાં આવી રહી છે.

## વિશેષ

### 'અંગદાનથી જીવનદાન'ના સંદેશ સાથે અંગદાનને જનઆંદોલન બનાવવા પ્રેરણા અપાઈ

# અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે અંગદાન મહાદાન જનજાગૃતિ અભિયાનને વેગવંતુ બનાવવા તબીબો, નર્સિંગ સ્ટાફ અને આરોગ્યકર્મીઓએ અંગદાન શપથ ગ્રહણ કર્યા

। (પીઆઈબી) અમદાવાદ ।

અમદાવાદ:મંગળવાર: અમદાવાદ સિવિલ હોસ્પિટલ થકી સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ ૨૧૨ બ્રેઈનડેડ લોકોના અંગદાનથી ૭૦૦ થી વધુ લોકોને જીવદાન મળ્યું છે ત્યારે અંગદાન મહાદાન જનજાગૃતિ અભિયાનને વેગવંતુ બનાવવાના હેતુ સાથે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે અસ્મિતા ભવન હોલમાં અસારવાના ધારાસભ્ય દર્શનાબેન વાઘેલા, લિંબાયતના ધારાસભ્ય સંગીતાબેન પાટીલની પ્રેરક ઉપસ્થિતિમાં 'અંગદાનથી જીવનદાન'ના સંદેશ સાથે તબીબો, નર્સિંગ સ્ટાફ અને આરોગ્યકર્મીઓએ અંગદાન શપથ ગ્રહણ કર્યા હતા. સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો.રાકેશ જોષી, ગુજરાત નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલા, નગરસેવકો, વોર્ડના પ્રમુખો, સિવિલ હોસ્પિટલ, યુ.એન. મહેતા કાર્ડિયાક હોસ્પિટલ, આઈ. કે.ડી. કિડની હોસ્પિટલ, કિડની ઈન્સ્ટિટ્યુટના ૩૫૦ થી વધુ નર્સિંગ સ્ટાફ, સફાઈકર્મીઓ, વિદ્યાર્થીઓએ અંગદાનના શપથ ગ્રહણ કર્યા હતા અને અંગદાનને જનઆંદોલન બનાવવા પ્રેરણા મેળવી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રીમતી દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, અમદાવાદ સિવિલ હોસ્પિટલે એક પરિવારની માફક અંગદાન ક્ષેત્રે કાર્ય કરી સમગ્ર દેશમાં ઓર્ગન ડોનેશન ક્ષેત્રમાં નામના મેળવી છે. તેમણે અમદાવાદ પ્લેન ક્રેશની દુર્ઘટનામાં





સિવિલ હોસ્પિટલના નર્સિંગ અને તબીબોની સેવાઓને બિરદાવી હતી. પોતાના વિધાનસભા વિસ્તારમાં આવેલી એશિયાની સૌથી મોટી સિવિલ હોસ્પિટલ અનેક આરોગ્ય સુવિધા અને સંસાધનોથી સજ્જ છે, ત્યારે દર્દીઓ અને સિવિલ હોસ્પિટલના પ્રશાસન સાથે કોઈપણ જરૂરિયાત અને સેવાકાર્ય માટે તત્પર હોવાનું જણાવી અંગદાનના કિસ્સામાં જાતે બ્રેઈનડેડ વ્યક્તિના પરિજનોના કાઉન્સેલિંગ માટે સિવિલ હોસ્પિટલમાં આવતા હોવાનું ગર્વ સાથે જણાવ્યું હતું.

લિંબાયતના ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલે જણાવ્યું હતું કે, અંગદાન સૌથી મહાન દાન છે. અમદાવાદ સિવિલમાં અંગદાન પ્રવૃત્તિઓને બિરદાવી સુરત સિવિલ હોસ્પિટલમાં ૭૭ બ્રેઈનડેડ લોકોના અંગદાનથી ૨૦૦ થી વધુ લોકોને નવજીવન મળ્યું હોવાનું જણાવી દર વર્ષે અચૂકપણે પોતાનો જન્મદિવસ પણ સુરતની નવી સિવિલ હોસ્પિટલના દર્દીઓની સાથે સેવાકીય પ્રવૃત્તિ તેમજ રક્તદાન કેમ્પો યોજીને ઉજવણી કરતા હોવાનું જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું કે,વડાપ્રધાનશ્રીના ટીબીમુક્ત ભારતના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં અમે પ્રયાસરત છીએ. ટીબીના દર્દીઓને પ્રોટીન રિચ ખોરાકની જરૂરિયાતને ધ્યાને લઈ પોષણ કિટસ વિતરણ કરીએ છીએ. અમદાવાદ અને સુરત સિવિલ હોસ્પિટલના સ્ટાફ, સમગ્ર ગુજરાતના અંગદાન ક્ષેત્રે કામ કરતા તબીબો, નર્સિંગ સ્ટાફ, સહકર્મીઓને અંગદાનના સેવાકાર્યમાં મહત્વપૂર્ણ યોગદાન બદલ અભિનંદન આપ્યા હતા. જેને અંગોની જરૂર છે તેઓને બ્રેઈનડેડના કિસ્સામાં મહત્તમ અંગદાન થાય તે જરૂરી છે એટલે જ અંગદાન પ્રવૃત્તિ જનઆંદોલન બને તે આવશ્યક છે એમ ભાર પૂર્વક કહ્યું હતું. ગુજરાત સહિત ત્રણ રાજ્યથી સારવાર લેવા આવતા દર્દીનારાયણની સેવામાં સમર્પિત અમદાવાદ સિવિલ હોસ્પિટલે અનેક ઓપરેશનો, જટિલ સારવાર, દર્દીઓની મહત્તમ સેવાસારવારના કારણે ગુજરાતમાં આગવી ઓળખ બનાવી હોવાનું શ્રીમતી પાટિલે જણાવ્યું હતું. અને ગુજરાતની દરેક હોસ્પિટલો અને કોલેજોએ અંગદાનની પ્રવૃત્તિમાં જોડાવા આહ્વાન કર્યું હતું.

મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો.રાકેશ જોષીએ સિવિલ હોસ્પિટલની સેવા અને અંગદાન પ્રવૃત્તિની માહિતી આપી હતી. આ વેળાએ અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના પ્રણેતા દિલીપભાઈ દેશમુખના માર્ગદર્શન હેઠળ અંગદાન મહાદાન અભિયાનના પ્રતિનિધિ તરીકે પ્રણવભાઈ મોદીનું પણ બહુમાન કરાયું હતું. અંગદાનના જાગૃત્તિસૂત્રો પ્રિન્ટ કરેલી છત્રીઓ પ્રદર્શિત કરી અંગદાન અંગે ઉપસ્થિત સૌને જાગૃત્ત કરાયા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## તંત્રી લેખ...

# બિહારમાં ચૂંટણીઃ બેઠકોની વહેંચણી મુદ્દે RJD-કોંગ્રેસમાં ખેંચતાણ?

બિહાર વિધાનસભા ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ મહાગઠબંધનની વચ્ચે બેઠક વહેંચણીને લઈને હલચલ તેજ થઈ રહી છે. આ દરમિયાન કોંગ્રેસના કેન્દ્રીય હાઈકમાન્ડે દિલ્હીમાં પાર્ટી નેતાઓની એક બેઠક બોલાવી છે. આ બેઠકમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસ મહાસચિવ કેસી વેણગોપાલ, બિહાર કોંગ્રેસ પ્રભારી કૃષ્ણા અલ્લાવરુ અને પ્રદેશ અધ્યક્ષ રાજેસ રામ સહિત બિહારને ઘણા નેતા સામેલ હશે. આ બેઠ-કમાં, અમે આરજેડી સાથે બેઠક વહેંચણી અને ભવિષ્યની રણનીતિ અંગે ચર્ચા કરવામાં આવશે. બેઠકમાં મતદાન અધિકાર યાત્રાની સમીક્ષા પણ કરવામાં આવી શકે છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે બેઠક વહેંચણીને લઈને આરજેડી અને કોંગ્રેસ વચ્ચે હવે વાત નથી બની રહી. કોંગ્રેસ આશરે ૬૦ બેઠક ઈચ્છે છે, જ્યારે આરજેડી તેને ૫૦ બેઠકમાં રાજી કરવા માગે છે. છેલ્લી ચૂંટણીમાં કોંગ્રેસ ૭૦ બેઠક પર લડી હતી. આ વખતે વિપક્ષી ગઠબંધનમાં મુકેશ સહની અને પશુપતિ પારસની એન્ટ્રી અને સીપીઆઈ એમએલની વધુ બેઠકોની માંગને કારણે કોંગ્રેસ પર ઓછી બેઠકો પર સમાધાન કરવાનું દબાણ છે. કોંગ્રેસ કેટલીક બેઠકો છોડવા પણ તૈયાર છે. પરંતુ બદલામાં પાર્ટીને પોતાની ઈચ્છા મુજબ બેઠકો પસંદ કરવાની સ્વતંત્રતા છે. બેઠક વહેંચણીને લઈને ૬ ઓગસ્ટે પટણામાં આરજેડી અને કોંગ્રેસની બેઠક મળી હતી. પરંતુ આ બેઠકમાં આરજેડી અને કોંગ્રેસ વચ્ચે સંપૂર્ણ સહમતિ નહોતી બની. બિહારમાં ખાસ સઘન સુધારા સામે રાહુલ ગાંધીની આગેવાની હેઠળ મતદાતા અધિકાર યાત્રાને લઈને કોંગ્રેસ ઉત્સાહમાં જોવા મળી રહી છે. તેજસ્વી યાદવ સહિત મહાગઠબંધનના અન્ય ઘટકો પણ આ યાત્રામાં સામેલ હતા. પરંતુ તેનું નેતૃત્વ કોંગ્રેસ અને રાહુલ ગાંધી પાસે રહ્યું હતું. આ યાત્રા પછી એવું કહેવામાં આવી રહ્યું હતું કે, કોંગ્રેસની સોદાબાજી પાવરમાં વધારો થશે, પરંતુ હાલમાં તેવું જોવા નથી મળી રહ્યું. આ વખતે વિપક્ષી ગઠબંધનમાં મુકેશ સહની અને પશુપ તિ પારસની એન્ટ્રી અને સીપીઆઈ એમએલની વધુ બેઠકોની માંગને કારણે કોંગ્રેસ પર ઓછી બેઠકો પર સમાધાન કરવાનું દબાણ છે. કોંગ્રેસ કેટલીક બેઠકો છોડવા પણ તૈયાર છે. પરંતુ બદલામાં પાર્ટીને પોતાની ઈચ્છા મુજબ બેઠકો પસંદ કરવાની સ્વતંત્રતા છે. બેઠક વહેંચણીને લઈને ૬ ઓગસ્ટે પટણામાં આરજેડી અને કોંગ્રેસની બેઠક મળી હતી. પરંતુ આ બેઠકમાં આરજેડી અને કોંગ્રેસ વચ્ચે સંપૂર્ણ સહમતિ નહોતી બની. બિહારમાં ખાસ સઘન સુધારા સામે રાહુલ ગાંધીની આગેવાની હેઠળ મતદાતા અધિકાર યાત્રાને લઈને કોંગ્રેસ ઉત્સાહમાં જોવા મળી રહી છે. તેજસ્વી યાદવ સહિત મહાગઠબંધનના અન્ય ઘટકો પણ આ યાત્રામાં સામેલ હતા. પરંતુ તેનું નેતૃત્વ કોંગ્રેસ અને રાહુલ ગાંધી પાસે રહ્યું હતું. આ યાત્રા પછી એવું કહેવામાં આવી રહ્યું હતું કે, કોંગ્રેસની સોદાબાજી પાવરમાં વધારો થશે, પરંતુ હાલમાં તેવું જોવા નથી મળી રહ્યું.

## મંત્રીમંડળે બિહારમાં બક્સર-ભાગલપુર હાઇ-સ્પીડ કોરિડોરના ૪-લેન ગ્રીનફિલ્ડ એક્સેસ-કંટ્રોલ્ડ મોકામા-મુંગેર વિભાગના બાંધકામને હાઇબ્રિડ એન્યુઇટી મોડ (HAM) પર મંજૂરી આપી, જેની કુલ પ્રોજેક્ટ લંબાઇ ૮૨.૪ કિમી અને રૂ. ૪૪૪૭.૩૮ કરોડના ખર્ચે પૂર્ણ થશે




રેલ્વે - અમદાવાદ, તા. ૧૦

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આજે આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ બક્સર-ભાગલપુર હાઈ-સ્પીડ કોરિડોર બિહારના ૪-લેન ગ્રીનફિલ્ડ એક્સેસ-કંટ્રોલ્ડ મોકામા-મુંગેર વિભાગના બાંધકામને હાઈબ્રિડ એન્યુઈટી મોડ (HAM) પર મંજૂરી આપી છે, જેની કુલ પ્રોજેક્ટ લંબાઈ ૮૨.૪૦૦ કિમી છે અને કુલ મૂડી ખર્ચ રૂ. ૪૪૪૭.૩૮ કરોડ છે.આ સેક્શન મોકામા, બરહિયા, લખીસરાય, જમાલપુર, મુંગેર જેવા મહત્વપૂર્ણ પ્રાદેશિક શહેરોમાંથી પસાર થાય છે અથવા તેમને કનેક્ટિવિટી પૂરી પાડે છે, જેમ કે પરિશિષ્ટ-૧ માં નકશામાં દર્શાવેલ છે. પૂર્વી બિહારમાં મુંગેર-જમાલપુર-ભાગલપુર પટ્ટો એક મુખ્ય ઔદ્યોગિક ક્ષેત્ર તરીકે ઉભરી રહ્યો છે જે લશ્કરી ઔદ્યોગિક સંકુલ (સંરક્ષણ મંત્રાલય દ્વારા ઓર્ડનન્સ ફેક્ટરી કોરિડોરના ભાગ રૂપે હાલની ગન ફેક્ટ-રી અને અન્ય એક ફેક્ટરીનો પ્રસ્તાવ), લોકોમોટિવ વર્કશોપ (જમાલપુરમાં), ફૂડ પ્રોસેસિંગ (દા.ત., મુંગેરમાં ITC) અને સંબંધિત લોજિસ્ટિક્સ અને વેરહાઉસિંગ હબ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ભાગલપુર કાપડ અને લોજિસ્ટિક્સ હબ તરીકે ઉભરી આવ્યું છે, જેનું નેતૃત્વ ભાગલપુરી સિલ્ક (ભાગલપુરમાં પ્રસ્તાવિત કાપડ ઈકોસિસ્ટમની વિગતો) દ્વારા કરવામાં આવે છે. બરહિયા ફૂડ પેકેજિંગ, પ્રોસેસિંગ અને કૃષિ-વેરહાઉસિંગ માટે એક પ્રદેશ તરીકે ઉભરી રહ્યું છે. આ પ્રદેશમાં વધતી આર્થિક પ્રવૃત્તિ ભવિષ્યમાં મોકામા-મુંગેર વિભાગ પર માલની અવરજવર અને ટ્રાફિકને વેગ આપવાની અપેક્ષા છે. ૪-લેન એક્સેસ-નિયંત્રિત કોરિડોર, નજીકના ટોલિંગ સાથે, ૮૦ કિમી/કલાકની સરેરાશ વાહનોની ગતિને ટેકો આપે છે અને ૧૦૦ કિમી/કલાકની ડિઝાઈન ગતિ એકંદર મુસાફરી સમયને આશરે ૧.૫ કલાક ઘટાડશે, જ્યારે મુસાફરો અને માલવાહક વાહનો બંને માટે સુરક્ષિત, ઝડપી અને અવિરત કનેક્ટિવિટી પ્રદાન કરશે. ૮૨.૪૦ કિ.મી. લાંબા પ્રસ્તાવિત પ્રોજેક્ટથી લગભગ ૧૪.૮૩ લાખ માનવદિવસ પ્રત્યક્ષ રોજગાર અને ૧૮.૪૬ લાખ માનવદિવસ પરોક્ષ રોજગારનું સર્જન થશે. પ્રસ્તાવિત કોરિડોરની આસપાસ આર્થિક પ્રવૃત્તિમાં વધારો થવાને કારણે આ પ્રોજેક્ટ રોજગારની વધારાની તકો પણ ઉભી કરશે.

### પહેલાંના પ્રમાણમાં હવે જનરેશન ગેપ બહુ મોટો થતો જાય છે!

# માબાપ ને ભૂલશો નહિં! પુનિત મહારાજની આ કૃતિ સંતાનો ને એમની ફરજ યાદ કરાવે છે.






સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**સૂકાં માં સૂવાડી ભીનાં માં સૂવે પોતે ! અને તાવ તરિયો થયો હોય તો જે આંખો રાત રાત જાગી હોય, એ આંખમાં સંતાનને કારણે આંસુ આવે! એ બહુ જ ખોટું કહેવાય! પણ દેશકાળ પ્રમાણે હવે આવું બધું સહજ થઈ ગયું છે, અને એમાં પણ વચ્ચેની પેઢી, કે જે પોતાનાં સંસ્કારોને કારણે માતાપિ તા સાથે રહ્યાં, અને તોય પોતાનાં સંતાનોને બાંધ્યા નહીં, એટલે કે એમને ઉડવા આખું આકાશ આપ્યું, અને એ સફળ બનીને દેશ પરદેશ વસી ગયા!:**

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે ગુરુવાર એટલે કે પ્રાર્થનાનો દોર!; આપણે હમણાં તો પ્રાર્થનાં વિશે સ્વતંત્ર ચિંતન થયું નથી. આપણાં તન મન ને પવિત્ર કરનારું જો કોઈ સીધુંસાદું માધ્યમ હોય તો એ પ્રાર્થનાં છે, અને એને ઈશ્વર સાથેનો સીધો સંવાદ પણ કહી શકીએ! પ્રાર્થનામાં ભાષા કે અભિવ્યક્તિની એવી કોઈ મહત્તા નથી હોતી, માત્ર સાધકનો ભાવ કે આત્મનિવેદન સ્પષ્ટ અને સાચું હોવું જોઈએ. આપણે ગીતાનાં શ્લોક પરના ચિંતનમાં જોયું કે ઈશ્વર પાસે આપણાં કર્મ બાબતની કોઈ નોંધ હોતી નથી, અથવા તો એ એ બાબત એ અલિપ્ત છે, પણ આંતરિક પ્રકૃતિ દ્વારા થતાં કર્મો, બાહ્ય પ્રકૃતિને જોડનારા છે, કે તોડનારા! એની નોંધ અસ્તિત્વ લે છે, અને એ મુજબ એ આપણને સારુ ખરાબ ફળ આપે છે. હિન્દુ સંસ્કૃતિમાં ઈશ્વરના કેટલાય સ્વરૂપ છે, અને આદિદેવ જગતગુરુ શંકરાચાર્યનાં મત પ્રમાણે પંચદેવને એમાં વિશેષ મહત્વ આપીએ છીએ. પરંતુ હિન્દુ સનાતનની સંસ્કૃતિનાં ચાર મહત્વનાં સૂત્રોમાં માતૃદેવો ભવ, પિતૃદેવો, આચાર્ય દેવો ભવ, અને અતિથી ભવ, એમ માતા, પિતા, આચાર્ય એટલે ગુરુ અને અતિથીને પણ ઈશ્વર માનવામાં આવે છે. હમણાં શ્રાદ્ધ પક્ષ ચાલી રહ્યો છે, એટલે આપણે પણ આજે સાવ સીધાસાદા શબ્દોમાં લખાયેલ આ પ્રાર્થના પર ચિંતન કરીશું.

**★★ માબાપ ને ભૂલશો નહીં★★**

**ભુલો ભલે બીજુ બધુ માબાપને ભૂલશો નહિ,**
**અગણિત છે ઉપકાર એના, એહ વિસરશો નહિ.**
**પથ્થર પૂજ્યાં પૃથ્વી તણા, ત્યારે દીઠું તમ મુખડું.**
**એ પુનિત જનનાં કાળજાં, પત્થર બની છુંદશો નહિ,**
**કાઢી મુખેથી કોળીયાં,મ્હોમાં દઇ મોટા કર્યા,**
**અમ્રુત તણાં દેનાર સામે,ઝેર કદી ઉગળશો નહિ.**
**લાખો લડાવ્યા લાડ તમને, કોડ સૌ પૂરા કર્યા,**
**એ કોડના પૂરનારના, કોડ પૂરવા ભૂલશો નહિ.**
**લાખો કમાતા હો ભલે, માબાપ જેનાથી ના ઠર્યા,**
**એ લાખ નહિ પણ રાખ છે,એ માનવું ભૂલશો નહિ.**
**સંતાનની સેવા ચાહે, સંતાન છો સેવા કરો,**
**જેવું કરો તેવું ભરો,એ ભાવના ભૂલશો નહિ.**
**ભીને સૂઇ પોતે અને સુકે સુવાડ્યા આપને,**
**એ અમિમય આંખને, ભુલીને ભિંજવશો નહિ.**
**પુષ્પો બિછાવ્યા પ્રેમથી, જેણે તમારા રાહ પર,**
**એ રાહબરના રાહ પર, કંટક કદી બનશો નહિ,**
**એના પુનિત ચરણો તણી, ચાહના કદી ભૂલશો નહિ.**


મોટેભાગે અજ્ઞાત લખ્યું છે, પરંતુ એક જ જગ્યાએ સંત પુનિત મહારાજની આ રચના છે એમ લખ્યું છે. પણ જેણે લખ્યું એ ખરેખર વંદનીય છે, અને આ કૃતિમાં કોઈ ભાવાર્થની જરૂર નથી,સાવ સીધા સાદા શબ્દોથી લખાયેલું આ એક એવું સત્ય છે, જે લગભગ દરેક સંતાને અનુભવ્યું છે! પરંતુ તે છતાં એ સત્ય જીવન પર્યંત યાદ રહેતું નથી, અને એને કારણે મા બાપ કે જેને ઈશ્વર સમકક્ષ સ્થાન અપાયું છે, એની અવગણના થઈ જાય છે, અને ઉપેક્ષા થાય છે! અથવા એનાં પ્રત્યે બે જવાબદાર પણ થઈ જવાય છે! અને અમૃતનાં દૂધ પીવડવનાર ને ઝેર જેવાં વેણ કહેવાય જાય છે. ઈશ્વરનાં અન્ય સ્વરૂપની સાધના કે પૂજા દરમિયાન આપણે કેટલાએ નીતિ નિયમો કે દ્રવ્યોની જરૂર પડતી હોય છે, પરંતુ માબાપ એક એવા ઈશ્વર છે કે જેણે સંતાન પાસેથી જિંદગીમાં કોઈ અપેક્ષા રાખી જ નથી હોતી, હા જવાબદારી સમજાવવા માટે, કે જીવનમાં આગળ કોઈ મુશ્કેલી ન પડે, એ માટે ક્યારેક કઠિન થયા હોય, બાકી માબાપની મમતાનું કોઈ મોલ આંકી શકાય એમ નથી.

આજનો સામાજિક રેસિયો જોતાં મોટેભાગે સંતાનો વધુ રૂપિયા કમાવા માબાપને છોડીને અન્ય જગ્યાએ સ્થિર થયા છે. જોકે એની માટે ઘણાં કારણો પણ હોય! પરંતુ આ રેશિયો જોતાં એવું લાગે કે સંતાન માટે માબાપ એક સીડી છે, અને સીડી ચડીને સંતાન સફળતા પ્રાપ્ત કરે છે! અને ઉપર ચડી ગયા પછી એ સીડીનું એને મન કોઈ મહત્વ રહેતું નથી! આમાં સંસ્કાર બહુ મહત્વનો ભાગ ભજવે છે! અને એટલે અપવાદ પણ હોય છે! એટલે એમ કહોને ૭૦/૩૦ નાં રેશિયા માં ૩૦% સંતાનો પોતાની સફળતાનું શ્રેય માબાપને આપે છે! પણ માનવીને સુખ માટે જ્યારથી સાધનોની જરૂર પડવા લાગી, અથવા તો સુવિધાજનક સાધનો એ જ એને સંબંધોથી વિમુખ કર્યા, એવું એક તારણ પણ કાઢી શકાય. પણ ઉપર લખ્યું એમ લાખો કમાતા હો ભલે.. એ રુપિયા રાખ છે! જો એમાંથી તમે તમારા માબાપને ઠાર્યા નહીં! મા-બાપ કાંઈ આ રૂપિયાની આશા રાખીને બેઠા નથી હોતાં, પણ ઋણ અદા કરવાની આ તક જવા દેવી એ અત્યંત ભૂલ ભરેલું છે! અને આગળ ઉપર જઈ એનું ફળ અહીં જ ભોગવવું પડશે! એમાં કોઈ બે મત નથી.

સૂકાં માં સૂવાડી ભીનાં માં સૂવે પોતે ! અને તાવ તરિયો થયો હોય તો જે આંખો રાત રાત જાગી હોય, એ આંખમાં સંતાનને કારણે આંસુ આવે! એ બહુ જ ખોટું કહેવાય! પણ દેશકાળ પ્રમાણે હવે આવું બધું સહજ થઈ ગયું છે, અને એમાં પણ વચ્ચેની પેઢી, કે જે પોતાનાં સંસ્કારોને કારણે માતાપિતા સાથે રહ્યાં, અને તોય પોતાનાં સંતાનોને બાંધ્યા નહીં, એટલે કે એમને ઉડવા આખું આકાશ આપ્યું, અને એ સફળ બનીને દેશ પરદેશ વસી ગયા!: આવી વચ્ચેની પેઢીને ક્યારેક દયનીય સ્થિતિમાં જોઈએ ત્યારે એમ થાય કે ઈશ્વરનો આ કેવો ન્યાય છે? પહેલાંના પ્રમાણમાં હવે જનરેશન ગેપ બહુ મોટો થતો જાય છે! જોકે આજની પેઢીની દરેક વાત અવગણવા જેવી જ હોય છે, એવો હઠાગ્રહ પણ આની માટે જવાબદાર છે! કારણકે આજની પેઢી ઉડાવ છે બાજુ તો સૌને દેખાણી, પણ એ ઉદાર પણ છે અને એમાં પણ ખાસ કરીને બદલાવને અહમ આગ્રહનો મુદ્દો બનાવ્યા વગર બહુ ઝડપથી સ્વીકારી શકે છે! અને એ ખરેખર વંદનીય છે! સામાજિક રીતે વૃદ્ધાશ્રમ બને એ બહુ સારી વાત નથી, પણ એમાં દરેક વખતે સંતાનો જવાબદાર નથી હોતાં!; ક્યારેક બે પેઢી વચ્ચે વિચારોનું વૈમનસ્ય વધ્યું હોય!; અને આગ્રહ હઠાગ્રહ બને એવું પણ એવું બની શકે! બીજી રીતે જોઈએ તો હોસ્પિટલમાં કે આવાં વૃદ્ધાશ્રમમાં કેટલીય યુવાની કામ કરે છે! ભલેને વેતનની બદલે! પણ દિલથી સેવા કરતાં જોઈએ ત્યારે આ પેઢીને નમવું ગમે! કારણકે એમને એની સાથે કોઈ લેતીદેતી નથી હોતી, અને છતાં આટલી આત્મિયતા રૂપી સાત્વિક શ્રદ્ધા! બસ આવી શ્રદ્ધાથી જે પોતાની આજીવિકા રળશે, એનાં માતાપિતાનું શ્રાદ્ધ થઈ જશે! એટલે કે એમનાં પિતૃઓ તૃપ્ત થશે. આ રીતે બેય પેઢી અંદરોઅંદર એકબીજામાં શ્રદ્ધા અને વિશ્વાસથી જીવી શકે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

### કપિલ ભગવાને માતા દેવહુતિને તીવ્રભક્તિ કરવા આજ્ઞા આપી છે

# વ્યવહારનું કાર્ય કરતાં ભગવાનથી વિભક્ત ન થાય તેનું નામ ભક્ત





વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**કપિલ ભગવાન માતા દેવહુતિને કહે છે કે, આ બધું દેખાય છે તે સાચું નથી. સ્વપ્ન ખોટું છે છતાં સુખદુઃખ આપે છે.જેમ સ્વપ્ન જોનાર મનુષ્યને પોતાનું મસ્તક છેદાયા વિના પણ મારું મસ્તક છેદાયું એવી ભ્રાંતિ થાય છે અને તે રડે છે, તેમ જીવાત્માને અવિદ્યા વડે સર્વ પ્રકારની ભ્રાંતિ થાય છે. આને માયા કહે છે.સ્વપ્નમાં કોઈ વસ્તુ નથી છતાં દેખાય છે.તેવી જ રીતે જાગ્રત અવસ્થામાં તત્ત્વ દૃષ્ટિથી કાંઈ ન હોવા છતાં માયાથી અજ્ઞાન બધું ભાસે છે**

ભગવદ ગીતા જ્ઞાનમાં આજે આપણે જોઈએ તો અનાદિકાળ થી આ મન સંસારમાં ભટકતું આવ્યું છે.સત્સંગથી મન સુધરે છે વાસનાનો ત્યાગ કરવાથી મન સુધરે છે. વિવેકી પુરુષો સંગ અથવા આસક્તિને આત્માનું બંધન માને છે,પરંતુ એ સંગ અથવા આસક્તિ જ્યારે સંત મહાત્માઓ પ્રતિ થાય છે,તો મોક્ષનું દ્વાર ખુલ્લું થઈ જાય છે માટે સત્સંગ કરવો. દેવહુતિ કહે છે કે,મને જગતમાં ક્યાંય સંતદેખાતા નથી.કપિલમુનિ માતાને કહે છે,

કપિલ ભગવાન કહે છે, મા, તું સંત થા,એટલે તને સંત મળશે.

એકનાથ,તુકારામ,નરસિંહ ગૃહ સ્થાશ્રમી હતા.તેઓ ઘરમાં રહીને સંત થયેલા છે.સંતનાં લક્ષણો જીવનમાં ઉતારો તો સંત થશો. સત્સંગ વગર સુખ મળતું નથી. સંત થયા વિના સાચા સંત મળતા નથી. દૃષ્ટિ પ્રમાણે સૃષ્ટિ બને છે. હનુમાનજીની આંખ ક્રોધથી લાલ થવાથી ધોળાંફૂલ પણ તેમને લાલ દેખાયાં હતાં. આ વાત એકનાથ મહારાજે કહી છે.તેઓ રામાયણ ના સુંદરકાંડનીકથા કહી રહ્યાહતા

આ સુંદરકાંડમાં સઘળું સુંદર છે. સુંદરકાંડનું નામ સુંદર એટલા માટે રાખ્યું છે કે,હનુમાનજીને તેમાં માતાજીની પરાભક્તિનાં દર્શન થયાં છે.બ્રહ્મચર્ય અને રામનામની શક્તિ હોય,તો દરિયો આ સંસાર સાગર ઓળંગાય. હનુમાનજી જેવા હોય તો જ આ દરિયો ઓળંગી શકે.દરિયો ઓળંગી હનુમાન અશોકવનમાં આવ્યા છે. એકનાથ મહારાજે કથામાં કહ્યું કે હનુમાનજી જ્યારે અશોકવનમાં આવ્યા છે,ત્યારે ત્યાંના ફૂલઝાડો ઉપર ધોળાંફૂલખીલી રહ્યાં હતાં. સીતાજી જ્યાં હોય તે અશોકવન ભક્તિ જ્યાં હોયત્યાં શોક નહોય

એકનાથજીની આ કથા હનુમાનજી સાંભળવા આવેલા. તેમણે તરત પ્રગટ થઈ વિરોધ નોંધાવ્યો. મહારાજ,તમે ખોટું કહી રહ્યા છો. મેં તે વખતે અશોક વનમાં મારી સગી આંખોએ ફૂલો જોયેલાં. ફૂલો ધોળાં નહીં પણ રાતાં હતાં. એકનાથ મહારાજે કહ્યું,મને જેવું દેખાય છે તેવું વર્ણન કરું છું.છેવટે ઝઘડો રામ ચંદ્રજી પાસે ગયો. રામજીએ કહ્યું, તમે બંને સાચા છો.ફૂલો ધોળા પરંતુ હનુમાનજીની આંખો તે વખતે ક્રોધથી લાલ થયેલી હતી એટલે એમને ફૂલો રાતાં દેખાયાંએ પણ સાચું છે.

જેવી મનુષ્યની દૃષ્ટિ હશે તેવીતેને સૃષ્ટિ દેખાશે.દુર્યોધનને જગતમાં કોઈ સંત ન દેખાયો, બધા દુર્જન માલૂમ પડ્યા.ત્યારે યુધિષ્ઠિરને જગતમાં કોઈ દુર્જન ન દેખાયો, તેને બધા સજ્જન લાગ્યા. સંતોનાં લક્ષણોમાં તિતિક્ષાને પ્રાધાન્ય આપવામાં આવેલું છે. સહન કરો તો સુખી થશો. સંતોનાં ચરિત્રો વાંચો. સંતોને ખૂબ દુઃખ પડ્યું છે, પણ તે દુઃખોની અસર સંતોના મન ઉપર થતી નથી.

એકનાથ મહારાજ પૈઠણમાં રહેતા ગોદાવરીનદી ઉપર જવાના માર્ગ ઉપર એક પઠાણ રહે.તે માર્ગથી જે હિંદુઓ સ્નાન કરીને જાય તેમને પઠાણ બહુતંગ કરતો એક નાથ મહારાજ પણ એ જ રસ્તેથી ગોદાવરીમાં સ્નાન કરવા જતા હતા.પઠાણમહારાજને પણ તંગ કરતો પણ એકનાથજી સર્વ સહન કરે. એક દિવસ પઠાણને થયું કે,આ માણસને ગુસ્સે કરું ત્યારે ખરો! એકનાથજી મહારાજ નદીમાં સ્નાન કરીને પાછા ફરતા હતા.પેલો યવન એમના ઉપર થૂંક્યો,મહારાજ ફરીથી સ્નાન કરવા ગયા પણ યવન ઉપર ગુસ્સે થયા નહીં. યવન ફરી થૂંક્યો. મહારાજ ફરી સ્નાન કરવા ગયા. આવું ચાલ્યા જ કર્યું. મહારાજ ૧૦૮ વખત સ્નાન કરવા ગયા,ને યવન એમના પર એકસો આઠ વખત થૂંકયો.છેવટે યવન મહારાજના પગે પડી કહે,આપ સંત છો. હું તમને ઓળખી શક્યો નહીં.મહારાજ કહે,એમાં ક્ષમા કરવા જેવું શું છે?તારા લીધે આજે ૧૦૮ વખત ગોદાવરીમાં સ્નાન કરવાનું પુણ્ય મને મળ્યું.

શાંતિ તેની કાયમ રહે છે જે અંદર થી ઈશ્વરનું અનુસંધાન રાખે છે. ઈશ્વરથી દૂર છેતેને શાંતિ ક્યાંથી? જે ખૂબ સહન કરે છે તે સંત બને છે.અતિશય વિપત્તિમાં પણ જે ઈશ્વરનો અનુગ્રહ સમજે એ મહાન વૈષ્ણવ.બાકી દુષ્ટ લોકો કોઈનું સારું જોઈ શકતા નથી. દુષ્ટ લોકોએ તુકારામને ગધેડા ઉપર બેસાડયા ત્યારે તુકારામ પત્નીને કહે છે,મારા વિઠ્ઠલનાથે મારા માટે ગરુડ મોકલ્યું છે. તેના ઉપર બેઠો છું. આ સંતભાવ છે. જગતમાં ખૂબ સહન કરો.જગત માં અંધારું છે એટલે પ્રકાશની કિંમત છે.

તિતિક્ષા એ સંતોનું પહેલું લક્ષણ. કરુણા બીજું. સર્વ દેહધારીઓ પ્રતિ પ્રેમ પછી અજાતશત્રુપણું, શાંત સરળભાવ વગેરે લક્ષણો બતાવ્યાં.શાંતિની પરીક્ષા પ્રતિ કૂળતામાં થાય છે. અર્થનું-પૈસાનું અનુસંધાન રોજ રાખો છો,પરંતુ તે સાથે પરમાત્માનું અનુસંધાન રાખશો તો પૈસા પણ મળશે અને શાંતિ પણ મળશે. આ જીવન ગાડીના ફક્ત પાટા જ બદલવાના છે. સંત પ્રભુના માટે સર્વનો ત્યાગ કરે છે. ભગવાન કહે છે કે,સંત મારા માટે સંપૂર્ણ કર્મ તથા સગાં સંબંધીઓનો ત્યાગ કરે છે. ભગવાન કસોટી કરીને અપનાવેછે નરસિંહ મહેતાની બહુ કસોટી કરેલી.મહેતાજીએ માગ્યું, ભગવાન કળિયુગમાં આવીકસોટી કરશો નહીં. આવી કસોટી કરશો, તો કોઈ તમારી સેવા કરશે નહીં. ભગવાન ની કથા સાંભળવાથી શ્રદ્ધા દૃઢ થાય છે.તે પછી ભગવાન તરફ આસક્તિ વધે છે. ભગવાન તરફ આસક્તિ વધે છે એટલે વ્યસનાત્મિકા ભક્તિ પ્રાપ્ત થાય છે. ભક્તિ વ્યસનરૂપ બને ત્યારે એને મુક્તિ સુલભ થાય છે.ભક્તિ જ્યારે વ્યસનની ઉગ્રતા જેવી બને છે ત્યારે તે ઈશ્વર પાસે લઈ જાય છે. તીવ્ર ભક્તિ વગર મુક્તિ મળતી નથી. તીવ્ર ભક્તિ એટલે વ્યસનાત્મિકા ભક્તિ. તુકારામે ભક્તની સુંદર વ્યાખ્યા આપી છે.એક ક્ષણ પણ ભગવાન થી વિભક્ત ન થાય એ ભક્ત. વ્યવહારનું કાર્ય કરતાં ભગવાનથી વિભક્ત ન થાય તેનું નામ ભક્ત.

કપિલ ભગવાને માતા દેવહુતિને તીવ્રભક્તિ કરવા આજ્ઞા આપી છે

આ પ્રકારે શબ્દાદિ વિષયોનો ત્યાગ કરીને વૈરાગ્યમુક્તિ જ્ઞાનથી યોગથી અને ભક્તિથી મનુષ્ય આ જ શરીરમાં પોતાના અંતરાત્મા એવા પરમાત્માનેપ્રાપ્ત કરી લે છે. પરંતુ ભગવાનની અહેતુકી ભક્તિ મુક્તિ કરતાં શ્રેષ્ઠ છે.

કપિલ ભગવાન માતા દેવહુતિને કહે છે કે, આ બધું દેખાય છે તે સાચું નથી. સ્વપ્ન ખોટું છે છતાં સુખદુઃખ આપે છે.જેમ સ્વપ્ન જોનાર મનુષ્યને પોતાનું મસ્તક છેદાયા વિના પણ મારું મસ્તક છેદાયું એવી ભ્રાંતિ થાય છે અને તે રડે છે, તેમ જીવાત્માને અવિદ્યા વડે સર્વ પ્રકારની ભ્રાંતિ થાય છે. આને માયા કહે છે.સ્વપ્નમાં કોઈ વસ્તુ નથી છતાં દેખાય છે.તેવી જ રીતે જાગ્રત અવસ્થામાં તત્ત્વ દૃષ્ટિથી કાંઈ ન હોવા છતાં માયાથી અજ્ઞાન બધું ભાસે છે.

જગત સ્વપ્ન જેવું છે.આ સિદ્ધાંત ભાગવતમાં વારંવાર એટલા માટે કહેવામાં આવે છે કે,જગતના પદાર્થોમાં મોહ ન થાય. સંસારના વિષયોમાં પૂર્ણવૈરાગ્ય આવે એટલે આ પ્રમાણે કહેવામાં આવે છે. સંસારના સુખો ભોગવવાની લાલસા હોય ત્યાં સુધી માનવું કે, હું સૂતેલો છું. સુખ ભોગવવાની ઈચ્છા મહાન દુઃખ છે.શરીર અને આંખ સ્થિર ન થાય ત્યાં સુધીમન સ્થિર થતું નથી. આંખમાં શ્રી કૃષ્ણ સ્થિર થાય છે ત્યારે મન શુદ્ધ થાય છે.

# મારા ફોટાનો દુરુપયોગ થતો અટકાવો ઐશ્વર્યા રાયની હાઇકોર્ટમાં અપીલ

## કેટલાક લોકો ફક્ત નામ અને પૈસા કમાવવા માટે તેના ચહેરાનો ઉપયોગ કરી રહ્યા હોવાનો દાવો




બોલિવૂડ અભિનેત્રી ઐશ્વર્યા રાય બચ્ચને પોતાના વ્યક્તિત્વ અધિકારોના રક્ષણની માંગણી સાથે દિલ્હી હાઈકોર્ટનો દરવાજો ખટખટાવ્યો છે. ઐશ્વર્યા રાયનું કહેવું છે કે તેમની પરવાનગી વિના તેમના ફોટાનો ઉપયોગ વ્યાપારી લાભ માટે થઈ રહ્યો છે. અભિનેત્રી વતી વરિષ્ઠ વકીલ સંદીપ સેઠી કોર્ટમાં હાજર થયા હતા. કોર્ટમાં દાખલ કરેલી અરજીમાં તેમણે ઐશ્વર્યાના પબ્લિસિટી અને વ્યક્તિત્વના અધિકારોનું રક્ષણ કરવાની વાત કરી હતી. તેમણે એવા લોકો પર પ્રતિબંધ મૂકવાની પણ માંગ કરી હતી જેઓ પોતાના ફાયદા માટે અભિનેત્રીના ફોટા અને વીડિયોનો ઉપયોગ કરે છે.પોતાના ફોટાનો ઉપયોગ અલગ અલગ વેબસાઈટ્સ પર થઈ રહ્યો હોવાથી ઐશ્વર્યાએ આને રોકવા માટે કાનૂની રસ્તો અપનાવ્યો છે. અભિનેત્રીના વકીલે કોર્ટને એવી વેબસાઈટ્સ અને કોન્ટેન્ટ વિશે માહિતી આપી હતી કે, જેના પર ઐશ્વર્યાના ફોટા અને નામનો ઉપયોગ પરવાનગી વિના વ્યવસાયિક રીતે થઈ રહ્યો છે. કોર્ટમાં વકીલે એક વેબસાઈટનો ઉલ્લેખ કરીને કહ્યું કે, અભિનેત્રીએ આને પરવાનગી આપી નથી. ઐશ્વર્યા રાયના વોલપેપર અને ફોટા જેવી સામગ્રી બીજી વેબસાઈટ પર પોસ્ટ કરવામાં આવી છે અને ફોટાવાળા ટી-શર્ટ વેચવામાં આવી રહી છે.આ ઉપરાંત સંદીપ સેઠીએ એવી અન્ય વેબસાઈટ્સ વિશે પણ જણાવ્યું હતું, જે ઐશ્વર્યાની પરવાનગી વિના તેના ફોટાનો પોતાના ફાયદા માટે ઉપયોગ કરી રહી છે. વકીલે કહ્યું કે તે બધા મળીને ઐશ્વર્યાના નામે પૈસા કમાઈ રહ્યા છે.

**ફાયદા માટે અભિનેત્રીના ફોટા અને વીડિયોનો ઉપયોગ કરાયો**

### ‘કોનું કરિયર મેં બરબાદ કર્યુ?’

# ‘દબંગ’ના ડિરેક્ટરના આરોપ પર સલમાન ખાનની પ્રતિક્રિયા



બોલિવૂડના ભાઈજાન સલમાન ખાનની જેટલી ફેન ફોલોઈન્ગ છે તેટલા જ તેના ટ્રોલર્સ પણ છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ઘણા એવા એક્ટર કે ડિરેક્ટર છે જેણે સલમાન પર આરોપ લગાવ્યો કે તે નવા પ્રતિભાશાળી અભિનેતાઓની કારકિર્દી બરબાદ કરે છે. હાલમાં જ દબંગના ડિરેક્ટર અભિનવે સલમાન ખાન અને તેના પરિવારને લઈને મોટી વાત કરી હતી. તેણે કહ્યું, ‘સલમાનને અભિનયમાં કોઈ રસ નથી. તે છેલ્લા ૨૫ વર્ષથી સેલિબ્રિટી હોવાનો પાવર દેખાડે છે. તે સેટ પર આવીને અમારી ઉપકાર કરતો હોય તેવું બતાવે છે. તેણે ઘણા અભિનેતાઓની કારકિર્દી બરબાદ કરી છે.’ હવે સલમાનનો પણ મૈક્ષ્પક્ષ મ્જજ ૧૯ના સેટ પરથી એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે, જેમા તે લોકોના આરોપોનો જવાબ આપી રહ્યો છે. હાલમાં જ વિકેન્ડના વાર એપિસોડ પર કોઈનુ નામ લીધા વગર જવાબ આપ્યો કે, ‘મેં ક્યા કોઈની કારકિર્દી બનાવી છે? કારકિર્દી બનાવવા વાળોતો ઉપરવાળો છે. લોકોએ તો મારા પર કારકિર્દી બરબાદ કરવાનો આરોપ પણ લગાવ્યો છે. મેં કોની કારકિર્દી બરબાદ કરી છે? અને કારકિર્દી બરબાદ કરવી હોય તો હું મારી જ કારકિર્દી જ ના બરબાદ કરૂ?’વિવેક ઓબેરોયઃ વર્ષ ૨૦૦૦ના શરૂઆતમાં વિવેક અને સલમાનનો વિવાદ ચર્ચામાં આવ્યો હતો. એવું કહેવામાં આવતું કે સલમાનને કારણે વિવેકની કારકિર્દી બરબાદ થઈ છે. તેરે નામ ફિલ્મઃ હાલમાં જ ‘દબંગ’ના ડિરેક્ટર અભિનવ કશ્યપે એક ઈન્ટરવ્યૂમાં આરોપ લગાવ્યો હતો કે વર્ષ ૨૦૦૩માં સલમાને અનુરાગ કશ્યપને ‘તેરે નામ ફિલ્મ’થી બહાર કર્યો હતો. ત્યારબાદ સતીશ કૌશિકને ડિરેક્ટરની જવાબદારી સોંપવામાં આવી.

# સની દેઓલ ‘કોલ કિંગ’માં અનિલ શર્મા સાથે ફરી જોડાઈ શકે

૨૦૨૩માં, સની દેઓલ અને અનિલ શર્માએ ‘ગદર ૨’ સાથે ઈતિહાસ રચ્યો, કારણ કે આ ફિલ્મ ૫૦૦ કરોડ રૂપિયાથી વધુ કમાણી કરીને ભારતીય સિનેમાની સૌથી મોટી બ્લોકબસ્ટર ફિલ્મોમાંની એક બની ગઈ હતી. ત્યારથી, સની દેઓલ અને અનિલ શર્માના પુનઃમિલન વિશે અનેક અહેવાલો અને અનુમાન લગાવવામાં આવી રહ્યા છે. અગાઉ એક ઈન્ટરવ્યુમાં, અનિલ શર્માએ કહ્યું હતું કે ‘ગદર ૩’ પર કામ ચાલી રહ્યું છે અને લેખકો ગદરની દુનિયાને ટ્રાયોલોજીમાં વિસ્તારવાના વિચાર પર કામ કરી રહ્યા છે. હવે એવા અહેવાલો છે કે અનિલ શર્મા તાજેતરમાં સની દેઓલને મળ્યા હતા અને ‘કૉલ કિંગ’ નામના એક મોટા એક્શન-ડ્રામા વિશે ચર્ચા કરી હતી.એક સૂત્ર જણાવે છે કે, ‘‘અનિલ શર્મા અને સની દેઓલ છેલ્લા ૨ વર્ષથી ઘણા મૌલિક વિચારો પર ચર્ચા કરી રહ્યા છે અને આ સમયે તે બંને કૉલ માફિયા પર આધારિત એક લાર્જર-ધેન-લાઈફ ડ્રામા પર કામ કરી રહ્યા છે અને તે અંગે ઉત્સાહીત પણ છે. તેનું નામ ‘કૉલ કિંગ’ છે અને તેમાં સની દેઓલ પહેલા ક્યારેય ન જોયેલા અવતારમાં છે. સ્ક્રિપ્ટ લખાઈ ગઈ છે અને હાલમાં ડાયલોગ ડ્રાફ્ટ પર કામ ચાલી રહ્યું છે.’’ સૂત્ર વધુમાં જણાવે છે કે, ‘‘કૉલ કિંગ ઉપરાંત, અનિલ શર્મા ‘ગદર ૩’ પર પણ મોટા પાયે પીરિયડ એક્શન ફિલ્મ તરીકે કામ કરી રહ્યા છે. તેમની આગામી ફિલ્મનો નિર્ણય પણ આ વર્ષના અંત સુધીમાં લેવામાં આવશે, પરંતુ હાલમાં ત્રણેય સ્ક્રિપ્ટ પર એકસાથે કામ ચાલી રહ્યું છે.’’

### સબા આઝાદે દીકરા ઇમાદ સાથેના બ્રેક અપ અંગે ખુલાસો કર્યો

# તમે કોઈને પ્રેમ કરવાનું કેવી રીતે બંધ કરી શકો? : સબા આઝાદ



બોલિવૂડમાં એક સબા આઝાદ અને રિતિક રોશન વચ્ચેનો સંબંધ એવો છે, જે જેટલો જાહેર છે એટલો જ જિજ્ઞાસા જગાડનારો પણ છે. જ્યારથી રિતિક તેની ભૂતપૂર્વ પત્ની સુઝેન ખાનથી અલગ થયો, ત્યારથી તેમનાં એકબીજા સાથે કે કોઈ પણ સાથે સંબંધો સતત ચર્ચામાં રહ્યાં છે. આમ રિતિકના સંબંધો તો જગજાહેર છે, પરંતુ સબાનાં ભૂતકાળના સંબંધો મોટે ભાગે લોકોની નજરથી દૂર રહ્યા છે. આ પહેલાં સબા સાથે નસીરુદ્દીન શાહના દિકરા ઈમાદ શાહના સંબંધોની ચર્ચા હતી. તેઓ બંને લાઈફ પાર્ટનર હોવાની સાથે એક બૅન્ડમાં પણ સાથે કામ કરતાં હતાં. બ્રેકઅપ પછી પણ, તેઓએ એકબીજાનાં સંપર્કમાં રહેવાનું પસંદ કર્યુ છે.એક ઈન્ટર્વ્યુમાં, ઈમાદે આ સંબંધો પર વાત કરતા કહ્યું, ‘‘જ્યારે અમે છૂટા પડ્યાં, ત્યારે ઘણાં લોકોએ કહ્યું કે અમારે થોડા સમય માટે ન મળવું જોઈએ. પરંતુ અમને એ અંત કરતાં એક નવી શરૂઆત જેવું લાગ્યું. તેથી જ્યારે એ સંબંધ સંપુર્ણ રીતે સમાપ્ત થયો, ત્યારે બહુ દુઃખ નહોતું.’’સબા માટે, લાગણીઓનું ફક્ત સ્વરૂપ બદલાયું. તે આ સંબંધ વિશે કહે છે, ‘‘જ્યાં સુધી કોઈએ તમારી સાથે ખરાબ વર્તન ન કર્યું હોય, ત્યાં સુધી તમે તેમને પ્રેમ કરવાનું કેવી રીતે બંધ કરી શકો? તે કંઈક બીજી લાગણીમાં પરિવર્તિત થાય છે - એક સુંદર, પ્લેટોનિક મિત્રતા જ્યાં તમે હંમેશા એકબીજાને ટેકો આપવા માટે હાજર હોવ છો.’’ તેમનાં બંધનને પરિવાર ગણાવતાં સબાએ કહ્યું, ‘‘અમે વિચાર્યુ, અમારી વચ્ચે જે હોય તે પણ અમે એકબીજાનો પરિવાર છીએ. હું ઈમ્ઝને મારા જીવનમાંથી બહાર જવા દઉં એવો કોઈ રસ્તો નહોતો. અમે ખૂબ જ સ્પષ્ટ હતા કે અમે હંમેશા મિત્રો રહીશું - મિત્રો તરીકે સાથે વૃદ્ધ થઈશું.’’વધુમાં, બંનેએ સ્વીકાર્યું કે રોમેન્ટિક સંબંધનો ભાર હળવો થયા પછી તેમનાં સંબંધોમાં ખરેખર સુધારો થયો. ઈમાદે કબૂલાત કરી, ‘‘અમે ઘણીવાર મજાક કરીએ છીએ કે બ્રેકઅપ પછી અમારા સંબંધો વધુ સારા બન્યા છે.’’ ઈમાદે તેને એક ફિલ્ટર સાથે પણ સરખાવ્યુંઃ ‘‘એવું લાગે છે કે અમે અમારા સંબંધોનાં સારા પાસાને જાળવી રાખ્યા અને બાકીના ભાગોને ફિલ્ટર કર્યા.’’વધુમાં, સબાએ રિતિક સાથેના તેના જીવન વિશે કેટલીક વાતો પણ જાહેર કરી. ‘‘મારી આસપાસ ઘણું સામાન્ય વાતાવરણ રાખું છું, સંબંધમાં પણ મને સામાન્ય રહેવું ગમે છે. આપણે એવું ધારીએ છીએ કે જે લોકો સતત લોકોની નજરમાં હોય છે તેઓ સામાન્ય જીવન જીવતાં નથી. દરેક વ્યક્તિ ફક્ત પોતાના જીવનમાં જ વ્યસ્ત રહે છે,

**બોલિવૂડમાં એક સબા આઝાદ અને રિતિક રોશન વચ્ચેનો સંબંધ એવો છે, જે જેટલો જાહેર છે એટલો જ જિજ્ઞાસા જગાડનારો પણ છે**

### નોરા બાલાજી માટે પ્રથમ પસંદગી હતી

# નોરાને નવરાશ નથી, ‘રાગિની MMS 3’માંથી વિદાય લીધી



એવી ચર્ચા હતી કે નોરા ફતેહીને ‘રાગિની MMS 3’ મુખ્ય ભૂમિકા માટે લેવામાં આવી હતી, પરંતુ ભરચક કેલેન્ડરને કારણે નોરાએ આ છોડી દેવી પડી છે, જેમાં લોસ એન્જલસમાં આંતરરાષ્ટ્રીય શૂટિંગનો સમાવેશ પણ થતો હતો.કેટલાંક અહેવાલો અનુસાર બોલિવૂડ એક્ટ્રેસ અને ડાન્સર નોરા ફતેહી તારીખોના પ્રશ્નોને કારણે આગામી ફિલ્મ ‘રાગિની સ્સ્જી ૩’ માંથી બહાર નીકળી ગઈ હોવાના અહેવાલો છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, ‘‘તાજેતરમાં ‘રાગિની MMS ૩’ સાથે નોરા ફતેહીના જોડાવા અંગે અટકળો ચાલી રહી છે. હકીકતમાં, નોરા બાલાજી માટે પ્રથમ પસંદગી હતી, કારણ કે મેકર્સની ગ્લોબલ લેવલ પર લોકપ્રિયતા અને તાજેતરનાં તેનાં મ્યુઝિક ચાર્ટબસ્ટર ગીત ‘તેતેમા’ અને તેના ઈન્ટરનેશનલ કોલબરેશનના કારણે તેને સાઈન કરવા આતુર હતા. તે ભારતમાં અને વિદેશોમાં પણ સતત ધૂમ મચાવી રહી છે.’’સૂત્રોએ એ પણ કહ્યું કે તેનું બહાર નીકળવાનું મુખ્ય કારણ તારીખોની વ્યસ્તતા છે. સૂત્રએ ઉમેર્યું, ‘‘જોકે, ભરચક કેલેન્ડર અને લોસ એન્જલસમાં એક લાંબા શૂટિંગ સહિત અનેક પ્રોજેક્ટ્સ સમાંતર ચાલી રહ્યા હોવાથી, નોરાએ પ્રોજેક્ટ છોડી દેવો પડ્યો.’’તેનાં સ્થાને, તમન્ના ભાટિયાને લીડ રોલ માટે વિચારવામાં આવી રહી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, ‘‘તમન્ના હવે આ ફિલ્મ સાથે જોડાઈ છે અને તેનું હાલનું ધ્યાન બોલિવૂડ પર કેન્દ્રિત છે.’’જોકે, નોરાના ફિલ્મ છોડવાથી તેનાં અને એકતા કપૂરના સંબંધોમાં કોઈ ફરક પડ્યો નથી. ઉપરાંત એવા પણ અહેવાલો છે કે, નોરાએ આ ફિલ્મ ભલે છોડી પણ તે અને એકતા વધુ એક પ્રોજેક્ટ પર ચર્ચા વિચારણા કરી રહ્યાં છે, આમ તેમના પ્રોફેશનલ સંબંધો અકબંધ છે.

**નોરાએ આ ફિલ્મ ભલે છોડી પણ તે અને એકતા વધુ એક પ્રોજેક્ટ પર ચર્ચા વિચારણા કરી રહ્યાં છે**



# દિશા ‘આવારાપન ૨’માં ઇમરાન હાશ્મી સાથે જોડી જમાવશે

ઈમરાન હાશ્મીની ‘આવારાપન’ ફિલ્મ તેના ગીતોને કારણે ઘણી વખણાઈ હતી. જેમાં ઈમરાન હાશ્મીએ એક ગેંગસ્ટરનો રોલ કર્યો હતો. હવે તેની સિક્વલ પર પણ કામ શરૂ થઈ ચૂક્યું છે. આવારાપનની જેમ, આ સિક્વલ પણ ઈમરાન હાશ્મી અને દિશા પટણી સાથેની એક ઈન્ટેન્સ લવસ્ટોરી છે, જેમાં ગેંગસ્ટર દુનિયાની વાત સાથે કર્ણપ્રિય સંગીત સાથે બની રહી છે. ૨૦૦૭માં, મોહિત સુરી અને ઈમરાન હાશ્મીએ મુકેશ ભટ્ટ દ્વારા પ્રોડ્યુસ થયેલી ‘ગેંગસ્ટર’ આધારિત ફિલ્મ ‘આવારાપન’માં સાથે કામ કર્યુ હતું. જોકે, આ ફિલ્મ બોક્સ ઓફિસ પર નિષ્ફળ ગઈ હતી, છતાં ધીકે ધીરે આ ફિલ્મ સિનેમા રસિકોમાં એક કલ્ટ ફિલ્મ બની હતી. આ ફિલ્મનું સંગીત પણ ખૂબ જ લોકપ્રિય બન્યું હતું. આજે આ ફિલ્મ મોહિત સુરીની ફિલ્મગ્રાફીની સૌથી દુઃખદ લવસ્ટોરીમાંની એક માનવામાં આવે છે. વર્ષોથી મળેલા પ્રેમ અને પ્રશંસાને કારણે હવે ‘આવારાપન’ની સિક્વલની જાહેરાત કરવામાં આવી છે, જેમાં ફરી વખત શિવમ પંડિત તરીકે ઈમરાન હાશ્મી જોવા મળશે. જોકે, આ ફિલ્મમાં મોહિત સુરીનું સ્થાન નીતિન કક્કડે લીધું છે. હવે એવા અહેવાલો પણ છે કે, મુકેશ ભટ્ટ અને નીતિન કક્કડે ‘આવારાપન ૨’માં ઈમરાન હાશ્મી સાથે લીડ રોલ માટે દિશા પટણીને પસંદ કરી છે. સૂત્ર દ્વારા મળતી માહિતી અનુસાર સ્ક્રિપ્ટ દિશા પટણી જેવી કોઈ એક્ટ્રેસને ધ્યાનમાં રાખીને જ લખવામાં આવી હતી. મહત્વની વાત એ છે કે, દિશાને પણ સ્ક્રિપ્ટ પહેલી જ વખતમાં ગમી ગઈ હતી. તેણે તરત જ આ ફિલ્મ માટે હા પાડી દીધી હતી. સૂત્રએ આગળ જણાવ્યું કે ફિલ્મની ટીમ હાલમાં તેના સંગીત પર કામ કરી રહી છે અને આ વખત તેમનો ઈરાદો પહેલી ફિલ્મ જેવા જ યાદગાર ગીતો આપવાનો છે. સાથે હાલ ઈન્ડસ્ટ્રીમાં એવી પણ ચર્ચા છે કે આ ફિલ્મમાં પણ પહેલાંની ફિલ્મના સંગીતની પણ કેટલીક ઝલક જોવા મળશે. આ ફિલ્મનું શૂટિંગ સપ્ટેમ્બરના અંત અથવા ઓક્ટોબરની શરૂઆતમાં શરૂ કરવાની ગણતરી છે, જ્યારે જાન્યુઆરી સુધીમાં શૂટિંગ પુરૂં કરવાની ગણતરી છે. આ ફિલ્મ ૨૦૨૬ના ઉનાળા વેકેશનમાં રિલીઝ થઈ શકે છે.

### પિતાની ૩૦,૦૦૦ કરોડની સંપત્તિમાં માંગ્યો હિસ્સો

# કરિશ્મા કપૂરના બાળકોએ પ્રિયા સચદેવ વિરુદ્ધ કર્યો દાવો





જૂન ૨૦૨૫માં પોલો રમતી વખતે કરિશ્મા કપૂરના પૂર્વ પતિ સંજય કપૂરને હાર્ટ એટેકને કારણે નિધન થયું હતું. તેઓ પોતાની પાછળ કરોડો રૂપિયાની સંપત્તિ છોડીને ગયા છે. જે હવે વિવાદનું કારણ બની છે. કરિશ્મા કપૂર અને તેના સંતાનો સંજય કપૂરની પત્ની પ્રિયા સચદેવ વિરૂદ્ધ દિલ્હી હાઈ કોર્ટમાં ગયા છે.કરિશ્મા કપૂરને છૂટાછેડા આપ્યા બાદ સંજય કપૂરે પ્રિયા સચદેવ સાથે લગ્ન કર્યા હતા. જેથી હવે સંજય કપૂરની ૧.૧ અબજ ડૉલરથી વધુની સંપત્તિને લઈને કરિશ્મા કપૂર અને તેના સંતાનો તથા પ્રિયા સચદેવ વચ્ચે વિવાદ સર્જાયો છે. કરિશ્મા કપૂર અને તેના સંતાનો સમાયરા અને કિયાને પ્રિયા સચદેવ વિરૂદ્ધ દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે.દિલ્હી હાઈકોર્ટમાં દાખલ કરેલી અરજીમાં ૨૧ માર્ચ ૨૦૨૫ની વસીયતને શંકાસ્પદ, નકલી અને બનાવટી ગણાવવામાં આવી છે. આ સાથે પ્રિયા સચદેવ સામે આક્ષેપો પણ કરવામાં આવ્યા છે. અરજીમાં જણાવવામાં આવ્યું છે કે પ્રિયા સચદેવે ૭ અઠવાડિયા સુધી સંજય કપૂરની વસિયત છૂપાવીને રાખી હતી. અરજીમાં સમાયરા અને કિયાને પિતા સંજય કપૂરની સંપત્તિમાં ૨૦-૨૦ ટકા ભાગની માંગણી પણ કરી છે, જ્યાં સુધી આ અરજીનો કોઈ નિકાલ ન આવે ત્યાં સુધી તમામ સંપત્તિને ળીજ કરવાની માંગણી પણ કરવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે, સંજય કપૂરના ૩૦ હજાર કરોડના એમ્પાયરને લઈને તેમની મા, બહેન અને પત્ની પ્રિયા સચદેવ વચ્ચે પણ વિવાદ ચાલી રહ્યો છે. ફોર્બ્સ ૨૦૨૫ના આંકડાઓ પ્રમાણે સંજય કપૂરની નેટવર્થ ૧.૧ અબજ યુએસ ડૉલર હતી. બ્લુમબર્ગ એસ્ટિમેટ દ્વારા તેમની નેટવર્થ ૧.૧૫ અબજ યુએસ ડૉલર બતાવવામાં આવી છે, જ્યારે રિયલ-ટાઈમ બિલિયનર ઈન્ડેક્ષ મુજબ સંજય કપૂર ૧.૧૮ અબજ ડૉલરના માલિક હતા.

# ઝાલોદ તાલુકાના કદવાળ રહેવાસી તબીબના ત્યાં અજાણ્યા ચોર ત્રાટક્યા : ૧,૯૮,૩૦૦ ના દાગીનાની ચોરી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૦ ।

ઝાલોદ તાલુકાના કદવાળના કોક્સા ફળિયામાં રહેતા ધર્મેશકુમાર અમરસીંગભાઈ બારીઆ જેઓ હાલ બરોડા ખાતે તબીબી પ્રેક્ટિસ કરે છે અને તેઓ વાર તહેવાર, લગ્ન પ્રસંગે તેમજ ખેતીવાડી કામ અર્થે પોતાના વતન કદવાળમા આવતા જતા રહે છે. તેઓ છેલ્લે ૧૯-૦૭-૨૦૨૫ થી ૨૨-૦૭-૨૦૨૫ સુધી કદવાળ મુકામે કામ અર્થે રોકાયા હતા ત્યારબાદ તેઓ પોતાના મકાનને તાળું મારી વડોદરા આવી ગયેલ હતા. તારીખ ૦૫-૦૮-૨૦૨૫ ૨૦૨૫ ના રોજ તેમના સંબંધીઓએ કહ્યું હતું કે મકાનમાં નકુચો તૂટેલ છે અને ચોરી થયેલ હોય તેવું લાગી રહેલ છે. બીજા દિવસે વડોદરા થી કદવાળ મુકામે ઘરે આવી જોતા ઘરનો સામાન વેરવિખેર હાલતમાં જોવા મળેલ હતો ત્યારબાદ આ અંગે વિગતવાર તપાસ કરતા અંદાજીત ૧૮૦ ગ્રામ સોનાની અલગ અલગ કીમતી વસ્તુઓની ચોરી થયેલ હોવાનું માલુમ પડેલ હતું જેની જે તે સમયે કીમત અંદાજીત ૧૯૮૩૦૦ રૂપિયા જેવી થાય છે. જેથી આ અંગે ધર્મેશ અમરસીંગ બારીઆ દ્વારા ઝાલોદ પોલીસ સ્ટેશનમા અજાણ્યા ચોર વિરુદ્ધ ફરિયાદ લખાવેલ છે. ઝાલોદ પોલીસ દ્વારા અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

# પ્રાકૃતિક કૃષિ અભિયાન-૨૦૨૫ દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂત કુટુંબને એક ગાય નિભાવ ખર્ચમાં સહાય મળશે

। (માહિતી) નડિયાદ, તા.૧૦ ।

પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે પ્રાકૃતિક કૃષિ માટે જરૂરી એવી દેશી ગાયના નિભાવ ખર્ચમાં સહાય માટે દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂત કુટુંબની એક ગાય નિભાવ ખર્ચમાં સહાય'' વાળી યોજના અમલમાં છે. જે અંતર્ગત ખેડૂતો ઓછામાં ઓછા ૪૦ ગુંઠા વિસ્તારમાં પ્રાકૃતિક કૃષિ કરતા હોય કે કરનાર હોય, આઈડેન્ટિફિકેશન ટેગ વાળી દેશી ગાય ધરાવતા હોય અને પ્રાકૃતિક કૃષિની તાલીમ લીધેલ હોય તેવા અગાઉના વર્ષોમાં જે ખેડૂતોએ અરજી કરેલ હોય અને ચાલુ વર્ષે લાભ મળનાર હોય તે લાભાર્થીઓ સિવાયના અન્ય ખેડૂતો માટે આ યોજના હેઠળ નવી અરજીઓ મેળવવા માટે આઈ- ખેડૂત ૨.૦ પોર્ટલ તા.૧૭ સપ્ટેમ્બર સુધી ઓપન કરવામાં આવેલી છે.આથી જિલ્લાના ખેડૂતો આ યોજનાનો લાભ મેળવવા માટે સમય મર્યાદામાં પોર્ટલ પર અરજી કરી શકશે.

# સુરતના પલસાણા તાલુકામાં કંપનીમાં બ્લાસ્ટમાં વધુ બેના મોત

। (માહિતી) સુરત, તા.૧૦ ।

સુરતના પલસાણા તાલુકામાં કંપનીમાં બ્લાસ્ટમાં વધુ બેના મોત થયા હતા. સંતોષ ટેક્સટાઈલ મિલમાં દુર્ઘટનામાં મૃત્યુઆંક સાત પર પહોંચ્યો હતો. સારવાર દરમિયાન ગંભીર ઈજાગ્રસ્ત વધુ બે કામદારના મોત થયા હતા. ડ્રમ વોશર દુર્ઘટનામાં બે કામદાર વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. ડ્રમ વિભાગના ડ્રમ નં ૯ અને ૧૦ના ઓપરેટર સામે ફરિયાદ નોંધવામાં આવી હતી. અનમોલ શાહુ અને ઓપરેટર અલ્પેશ પટેલ વિરૂદ્ધ ગુનો નોંધાયો હતો. બંનેએ પોતાની ફરજમાં બેદરકારી રાખ્યાનો તપાસમાં ખુલાસો થયો હતો. બંને કર્મીઓની બેદરકારીના કારણે સાત લોકોએ જીવ ગુમાવ્યો હતો. મૃતકના પરિવારને મિલના માલિક ૧૫ લાખની આર્થિક સહાય આપશે.

સુરત જિલ્લાના પલસાણા તાલુકાના જોળવા ગામની સંતોષ ટેક્સટાઈલ મિલમાં સર્જાયેલી દુર્ઘટનામાં ગંભીર રીતે દાઝેલ વધુ બેના સુરતની ખાનગી હોસ્પિટલમાં મોત થયા છે. બે દિવસમાં ચારના મોતથી આ ઘટનામાં મૃત્યુ આંક ૭ પર પહોંચ્યો છે. મૃતકના પરિવારને મિલના માલિક ૧૫ લાખની આર્થિક સહાય આપશે. હાલ પણ સુરતની ખાનગી હોસ્પિટલમાં બે દર્દી જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સુરત જિલ્લાના પલસાણા તાલુકાના જોળવા ગામમાં આવેલી સંતોષ ટેક્સટાઈલ મિલમાં ગત ૧ સપ્ટેમ્બરના રોજ કેમિકલ ભરેલું ડ્રમ અચાનક ફાટતા ભીષણ આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં બે કામદારોના ઘટના સ્થળે જ મોત થયા હતા. જ્યારે ૧૫થી વધુ લોકોને ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતા ફાયર બ્રિગેડ, ૧૦૮ એમ્બ્યુલન્સ અને કડોદરા તેમજ પલસાણા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આ ઘટનામાં દાઝી ગયેલા ૧૧ વ્યક્તિઓને સુરતના ઉધના વિસ્તારમાં આવેલા ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ત્રણ દિવસ પહેલા એક પ્રિયંકાદેવી (ઉ.વ.૩૬)નું સારવાર દરમિયાન મોત થયું હતું. જ્યારે ગતરોજ ગંભીર રીતે દાઝેલા ૩૫ વર્ષીય જોગેન્દ્ર મુનિલાલ પ્રજાપતિ અને ૨૮ વર્ષીય પ્રીતિ નાગેન્દ્ર સિંહનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આજે વધુ બે ૩૯ વર્ષીય સુષ્મા ગણેશ મિશ્રા અને ૨૪ વર્ષીય મુન્ના વિશ્વનાથ દાસનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ સમગ્ર ઘટનામાં મૃત્યુઆંક ૭ પર પહોંચ્યો છે. આ દુર્ઘટનામાં બે કામદારોના ઘટના સ્થળે જ મોત થયા હતા. જ્યારે ૧૫થી વધુ લોકોને ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતા ફાયર બ્રિગેડ, ૧૦૮ એમ્બ્યુલન્સ અને કડોદરા તેમજ પલસાણા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આ ઘટનામાં દાઝી ગયેલા ૧૧ વ્યક્તિઓને સુરતના ઉધના વિસ્તારમાં આવેલા ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્રણ દિવસ પહેલા એક પ્રિયંકાદેવી (ઉ.વ.૩૬)નું સારવાર દરમિયાન મોત થયું હતું. જ્યારે ગતરોજ ગંભીર રીતે દાઝેલા ૩૫ વર્ષીય જોગેન્દ્ર મુનિલાલ પ્રજાપતિ અને ૨૮ વર્ષીય પ્રીતિ નાગેન્દ્ર સિંહનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આજે વધુ બે ૩૯ વર્ષીય સુષ્મા ગણેશ મિશ્રા અને ૨૪ વર્ષીય મુન્ના વિશ્વનાથ દાસનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ સમગ્ર ઘટનામાં મૃત્યુઆંક ૭ પર પહોંચ્યો છે. મિલના સંચાલકો દ્વારા મૃતકોના પરિવારને ૫૦ હજાર રોકડ આપવામાં આવ્યા છે અને બાકીના ૪ લાખનો ચેક આપશે. આ ઉપરાંત ૧૦ લાખ આપવામાં આવશે અને ઈન્સ્યોરન્સના પણ પૈસા આપવાની ખાતરી આપી છે અને મૃતકના બાળકના અભ્યાસનો ખર્ચ પણ આપવા જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આગના બનાવને મામલે ઈન્ડસ્ટ્રીયલ સેફટી વિભાગે સંતોષ મિલને ક્લોઝર ફટકાર્યું હતું. તેમજ સ્થળ તપાસ પણ કરી હતી. જોકે તેનો રિપોર્ટ આવવાનો બાકી છે.

# પશ્ચિમ રેલવે દ્વારા ઓખા અને શકુર બસ્તી(દિલ્હી) વચ્ચે ચલાવવામાં આવશે સ્પેશિયલ ટ્રેન

। (રેલવે) અમદાવાદ, તા.૧૦ ।

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને દશેરા, દિવાળી અને છઠ પૂજાના તહેવારોના સિઝન દરમિયાન તેમની મુસાફરીની માંગને પૂરી કરવાના હેતુથી ઓખા-શકુર બસ્તી (દિલ્હી કેન્ટ પાસે આવેલ) વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવશે. તેની વિગતો આ મુજબ છેઃ ટ્રેન નંબર ૦૯૫૨૩/૦૯૫૨૪ ઓખા–શકુર બસ્તી સ્પેશિયલ (સાપ્તાહિક) ચ૨૦ ટ્રીપૃ ટ્રેન નંબર ૦૯૫૨૩ ઓખા–શકુર બસ્તી સ્પેશિયલ દર મંગળવારે ઓખાથી ૧૦:૦૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૧૦:૩૫ વાગ્યે શકુર બસ્તી પહોંચશે. આ ટ્રેન ૨૩ સપ્ટેમ્બરથી ૨૫ નવેમ્બર, ૨૦૨૫ સુધી ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૫૨૪ શકુર બસ્તી–ઓખા સ્પેશિયલ દર બુધવારે શકુર બસ્તીથી ૧૩:૧૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૧૩:૫૦ વાગ્યે ઓખા પહોંચશે. આ ટ્રેન ૨૪ સપ્ટેમ્બરથી ૨૬ નવેમ્બર, ૨૦૨૫ સુધી ચાલશે. આ ટ્રેન બંને દિશામાં દ્વારકા, ખંભાળિયા, જામનગર, હાપા, રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, ઉંઝા, સિદ્ધપુર, પાલનપુર, આબુ રોડ, ફાલના, મારવાડ, બેવર, અજમેર, કિશનગઢ, જયપુર, ગાંધીનગર જયપુર, દૌસા, બાંદીકુઈ, અલવર, ગુડગાંવ અને દિલ્હી કેન્ટ સ્ટેશનો પર ઊભી રહેશે. આ ટ્રેનમાં એસી-૨ ટાયર, એસી-૩ ટાયર, એસી-૩ ટાયર (ઈકોનોમી), સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસના સામાન્ય કોચ હશે. ટ્રેન નંબર ૦૯૫૨૩નું બુકિંગ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે.

# હેલ્થ અને ન્યુટ્રીશન અવેરનેશ થીમ પર સલુણ પી એચ સી ખાતે અવેરનેશ કેમ્પ યોજાયો

। (માહિતી) નડિયાદ, તા.૧૦ ।

ભારત સરકારના **District Hub for Empowerment of Women (DHEW)** ખેડા અંતર્ગત તા. ૨ થી ૧૨/૦૯/૨૦૨૫ દરમિયાન ખાસ જાગૃતિ અભિયાન (**Special Awareness Campaign**) યોજવામા આવ્યું છે. આ અભિયાન જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી ખેડાના માર્ગદર્શન હેઠળ વિવિધ કાર્યક્રમો દ્વારા યોજાવવામાં આવી રહ્યા છે.જે પૈકી આજરોજ પી. એચ.સી. , સલુણ તા. નડિયાદ , જિલ્લા ખેડા ખાતે હેલ્થ અને ન્યુટ્રીશન અવેરનેશ થીમ પર કીશોરીઓ અને મહિલાઓ તથા નર્સિંગ વિદ્યાર્થીઓ માટે અવેરનેશ કેમ્પ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં નીમીશાબેન પટેલ, પ્રમુખશ્રી, આર.કે.એસ. સમિતિ સલુણ, ડો. મનીષા મિસ્ત્રી, તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ડો રોનક કાપડિયા, આયુષ મેડીકલ ઓફિસર, ભુપેન્દ્રા ભાઈ મેકવાન, તાલુકા હેલ્થ સુપરવાઈઝર તેમજ **DHEW** ટીમના સ્ટાફની હાજરી રહી હતી. હાજર રહેલ કિશોરીઓ તેમજ મહિલાઓને એનીમિયાની કમી થી થનાર રોગો, કેન્સર પ્રિવેન્શન અંગે વિગતવાર માહિતી આપી કીશોરીયો અને મહિલાઓનું એનીમિયા અને હિમોગ્લોબીન ટેસ્ટ કરાવવામાં આવ્યું હતું.

# સુરતના રહેણાંક વિસ્તારમાં ગેરકાયદે બાંધકામ મુદ્દે કોંગ્રેસે મુખ્યમંત્રીને કરી ફરિયાદ

। સુરત, તા.૧૦ ।

સુરત પાલિકાના રહેણાંક વિસ્તારમાં થતા ગેરકાયદે બાંધકામ અંગે સુરત પાલિકા અને અન્ય જગ્યાએ અનેક ફરિયાદ કર્યા બાદ હવે મુખ્યમંત્રી સુધી ફરિયાદ કરવામાં આવી છે.

સુરત શહેરના રહેણાંક વિસ્તારમાં બે રોક ટોક થતા ઈન્ડસ્ટ્રીયલબાંધકામમુદ્દેકોંગ્રેસનાધારાસભ્યએમુખ્યમંત્રીનેપત્રલખ્યોછે. કોટેઝ ઈન્ડસ્ટ્રીઝ ના નામે ગેરકાયદે ઈન્ડસ્ટ્રીયલ બાંધકામ થાય છે અને પાલિકાને પેઈડ એફ.એસ.આઈ.ની ખોટ જતી હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

સુરત પાલિકા વિસ્તારમાં ગેરકાયદે બાંધકામ કરનારા, પાલિકાના કર્મચારી, અધિકારી અને રાજકારણીઓની મીલી ભગત થઈ રહ્યું છે. છેલ્લા કેટલાક વખતથી આ ફરિયાદ થઈ રહી છે અને કેટલાક ફરિયાદના નામે તોડ પણ કરી રહ્યાંનો આક્ષેપ કરવામાં આવી રહ્યા હોવાની પણ ફરિયાદ થઈ રહી છે. જોકે, રહેણાંક વિસ્તારમાં ગેરકાયદે બાંધકામ મુદ્દે ભારે હોબાળો થઈ રહ્યો છે. દરમિયાન આજે કોંગ્રેસના ધારાસભ્ય તુષાર ચૌધરીએ મુખ્યમંત્રીને ફરિયાદ કરી છે.

કોંગ્રેસના ધારાસભ્યની ફરિયાદમાં જણાવ્યું છે કે, બિલ્ડરો અને કોન્ટ્રાક્ટર દ્વારા રહેણાંક વિસ્તારમાં કોટેઝ ઈન્ડસ્ટ્રીઝ, લઘુ ઉદ્યોગના બાંધકામ માટે પ્લાન મંજૂર કરાવી કોમર્શિયલ ઈન્ડસ્ટ્રીયલ મુજબ ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવી રહ્યા છે. બિલ્ડરો દ્વારા મંજુર પ્લાનની વિરુદ્ધમાં સંપૂર્ણ માર્જિન અને પાર્કિંગ કવર કરીને ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવે છે. બાંધકામ પૂર્ણ થયા બાદ બિલ્ડીંગ યુઝ સર્ટિફિકેટ લીધા વિના જ ગેરકાયદેસર ઉપયોગ શરૂ કરી દેવામાં આવે છે. પાણી-ડ્રેનેજના ગેરકાયદેસર જોડાણ કરીને ઉપયોગ શરૂ કરવામાં આવે છે.

# શિક્ષણ મંત્રી શ્રી ડો. કુબેર ડિંડોરના હસ્તે 'છિલુગરી' નવલકથાનું વિમોચન

। (માહિતી) અમદાવાદ, તા.૧૦ ।

શિક્ષણ મંત્રી તથા આદિજાતિ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોરના હસ્તે 'છિલુગરી' નવલકથાનું વિમોચન ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. ડૉ. જયશ્રી ચૌધરી લિખિત આ નવલકથાના વિમોચન પ્રસંગે પ્રો. જિતેન્દ્ર ચૌધરી, ડૉ. પ્રતિભા ચૌધરી, ડૉ. નીલ ચૌધરી અને શ્રી ભૂમિલ અણિયાળયા પણ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યકક્ષાના આદિજાતિમંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ લેખિકાને શુભેચ્છા પાઠવી હતી. નાયબ સચિવ ડૉ. હર્ષિલ પટેલ, નાયબ સચિવ શ્રી દિનેશ ચૌધરી, ઉપસચિવ શ્રી નિરવ ગામીતે શુભેચ્છાઓ પાઠવી હતી. ડૉ. જયશ્રી ચૌધરી અંકલેશ્વરની શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટ્સ અને કોમર્સ કોલેજના એસોસિએટ પ્રોફેસર છે. આ નવલકથાને ઘડવા માટે લેખિકાના સાહિત્યિક ગુરુ ડૉ.જી.કે. નંદાએ કડક પરીક્ષણ કર્યું હતું અને માર્ગદર્શન આપ્યું હતું. અંકલેશ્વરના ધારાસભ્ય શ્રી ઈશ્વરસિંહ પટેલે કેળવણી, ધર્મ, સંસ્કાર અને શિક્ષણ માટે સદૈવ સહકાર આપતા રહ્યા છે. તેમણે લેખિકા જયશ્રી ચૌધરીને લેખન માટે પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યું હતું, અગાઉ બે પુસ્તકોને આર્થિક સહયોગ આપ્યો હતો. લેખિકાના માતા સીતાબેન ચૌધરી, જીવનસાથી પ્રો. જીતેન્દ્ર ચૌધરી તથા પુત્રી ડૉ. પ્રતિભા ચૌધરીના સહયોગથી લેખિકાની સર્જકતા મહોરી છે. આ નવલકથા પાર્શ્વ પબ્લિકેશન દ્વારા પ્રસ્તુત થઈ છે. તેની પ્રસ્તાવના ગુજરાતી સાહિત્યના પ્રખર વિવેચક ડૉ. ભરત મહેતાએ લખી છે. સમીક્ષક ડૉ. મીનલ દવેએ ઉમળકાથી 'છિલુગરી' નવલકથાને આવકારી છે. પ્રસિદ્ધ વિવેચકો આ નવલકથાનો અભ્યાસલેખ તૈયાર કરી રહ્યા છે. તેમનું જન્મ સ્થળ નળધરા-ડુંગરી તા. મહુવા જી. સુરત છેઃ વતન અંધારવાડીદૂર, જિ. તાપી છે. ડૉ. જયશ્રી ચૌધરીની 'છિલુગરી' નવલકથા કવાડિયા પર્વતના મુખે કહેવાઈ છે. ' છિલુગરી' કાલ્પનિક ગામ છે : તે રાષ્ટ્રીય અને ગ્રામ વિકાસમાં યુવાનોની ભૂમિકા અને ફાળો, સ્વદેશી તથા સ્વાવલંબી ગામની કથા આધુનિક ટેક્નિક વડે લખાઈ છે. સ્વાતંત્ર્ય સંગ્રામમાં આદિવાસીઓની સહભાગિતાના અલિખિત ઈતિહાસને પ્રસ્તુત કરે છે. આ ઉપરાંત દેવી આંદોલન અને ગાંધી વિચારથી બદલાતા આદિવાસી વિસ્તારની તાસીર તથા આદિવાસીઓની વિચારધારાને સુપેરે રજૂ કરે છે. આદિવાસી સંસ્કૃતિ, કલા, પરંપરા, મંત્ર-તંત્રની રમતો, દક્ષિણ ગુજરાતની ચૌધરી, ધોડિયા, ગામીત, વસાવા, ડાંગી, કુકણા, હળપતિ, કોટવાડિયા તથા ઉત્તર ગુજરાતની રાઠવી બોલીનો વિનિયોગ અહીં કરવામાં આવ્યો છે. નવલકથાના અંતે સચિત્ર શબ્દકોશ પણ આપવામાં આવ્યો છે; ૪૦૭ પાનાની આ નવલકથામાં અલભ્ય ચિત્રો દર્શાવવામાં આવ્યા છે.

# મોડાસામાં નજીવી બાબતે બોથડ પદાર્થના ઘા ઝીંકીને યુવકને ઉતાર્યો મોતને ઘાટ

। (માહિતી) મોડાસા, તા.૧૦ ।

મોડાસામાં બાઈકની સર્વિસ બરાબર ન કરી હોવાથી ગ્રાહક અને ગેરેજ માલિક વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ અને ગ્રાહકે બોથડ પદાર્થનો ઘા મારીને ગેરેજ માલિકની નિપજાવી હત્યા. સમગ્ર મામલે મોડાસા ટાઉન પોલીસે તપાસ હાથ ધરી છે. અરવલ્લીના મોડાસામાં ઓટોગેરેજ ચલાવતા એક યુવકની હત્યાનો સનસનીખેજ બનાવ સામે આવ્યો છે. બાઈકની સર્વિસ બરાબર ન કરી હોવાના મામલે આ યુવકની હત્યા થઈ હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. જાહેરમાં આ પ્રકારે હત્યાનો બનાવ બનતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. મૃતક યુવક મોડાસામાં ઓટોગેરેજ ચલાવી પોતાનું ગુજરાન ચલાવતો હતો. એક ગ્રાહક તેની બાઈકની સર્વિસ કરાવવા માટે આવ્યો હતો. પરંતુ સર્વિસ બરાબર ન થતાં ગ્રાહક અને ગેરેજ માલિક વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ બોલાચાલીએ ધીમે ધીમે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું અને ઉશ્કેરાયેલા ગ્રાહકે યુવક પર બોથડ પદાર્થ વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં ગંભીર ઈજા થતાં યુવકનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. આ ઘટનાની જાણ થતાં મોડાસા ટાઉન પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે આ ઘટના મામલે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યો હતો. પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી આરોપીને પકડવા માટે શોધખોળ હાથ ધરી છે. આ ઘટનાથી સ્થાનિક લોકોમાં ભય અને શોકનો માહોલ જોવા મળી રહ્યો છે. પોલીસ આરોપીને વહેલી તકે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરે તેવી લોકોમાં માંગ ઉઠી છે. એક ગ્રાહક તેની બાઈકની સર્વિસ કરાવવા માટે આવ્યો હતો. પરંતુ સર્વિસ બરાબર ન થતાં ગ્રાહક અને ગેરેજ માલિક વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ બોલાચાલીએ ધીમે ધીમે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું અને ઉશ્કેરાયેલા ગ્રાહકે યુવક પર બોથડ પદાર્થ વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં ગંભીર ઈજા થતાં યુવકનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. આ ઘટનાની જાણ થતાં મોડાસા ટાઉન પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે આ ઘટના મામલે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યો હતો. પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી આરોપીને પકડવા માટે શોધખોળ હાથ ધરી છે. આ ઘટનાથી સ્થાનિક લોકોમાં ભય અને શોકનો માહોલ જોવા મળી રહ્યો છે. પોલીસ આરોપીને વહેલી તકે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

# પ્રાકૃતિક કૃષિ પ્રગતિ-૨૦૨૫ જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાં પ્રાકૃતિક ખેતીનું મહત્વ દર્શાવતા પ્રેરણાત્મક પોસ્ટરો લગાવવામાં આવ્યા

। (માહિતી) મહેસાણા, તા.૧૦ ।

ખેડા જિલ્લામાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા પ્રોત્સાહિત કરવા માટે પ્રાકૃતિક કૃષિ બોર્ડ અને આત્મા પ્રોજેક્ટ દ્વારા એક અનોખી પહેલ કરવામાં આવી છે. ખેડા જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાં પ્રાકૃતિક ખેતીનું મહત્વ દર્શાવતા પ્રેરણાત્મક પોસ્ટરો લગાવવામાં આવ્યા છે. પ્રાકૃતિક કૃષિના આયામો જેવા કે જીવામૃત ,ઘનજીવામૃત ,બીજામૃત ,આચ્છાદન ,વાપ્સા અને મિશ્રપાક વગેરે માહિતી આપેલ છે .આ પોસ્ટરમાં કૃષિ પ્રગતિ એપ નું ઊઇ-ર્ઝ્હઈ આપવામાં આવેલ છે જે ખેડૂત મિત્રો સ્કેન કરીને ખેતીની માહિતી મેળવી શકે છે.અને સીઆરપી,કૃષિસખી અને મોડેલ ફાર્મ ની વિગત પણ આ પોસ્ટર માં આપવામાં આવેલ છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો છે, જેથી તેઓ પરંપરાગત ખેતી પદ્ધતિઓ છોડીને પ્રાકૃતિક ખેતી અપનાવવા પ્રેરાય. આ પોસ્ટરો ગ્રામ પંચાયતમાં લગાવવામાં આવ્યા છે, જેથી વધુમાં વધુ લોકો સુધી આ સંદેશ પહોંચી શકે. આ અભિયાનને ખેડૂતો અને ગ્રામજનો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ગ્રામીણ કક્ષાએ આવા જાગૃતિ અભિયાનથી ખેડૂતોને નવીનતમ અને પર્યાવરણને અનુકૂળ ખેતી પદ્ધતિઓ અપનાવવા માટે પ્રોત્સાહન મળશે. જે અંતે કૃષિ ઉત્પાદનમાં ગુણવત્તા અને ટકાઉપણું સુનિશ્ચિત કરશે એમ આત્મા પ્રોજેક્ટના ઈન્ચાર્જ નિયામક શ્રીએ જણાવ્યું છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

### મેષ (અ,લ,ઇ) :

આજના દિવસે તમે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. નોકરી માટેના ઈન્ટરવ્યુમાં હાજર થવા અથવા તમારો બાયો-ડૅટા મોકલવા માટે સારો દિવસ.

### વૃષભ (બ,વ,ઉ) :

આજે આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. તમારા માતા પિતા આજે તમારી ફિઝૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે. તમારો થોડો સમય અન્યોને આપવા માટે સારો દિવસ. સફળતા ચોક્કસ જ તમારી છે- જો તમે મહત્વના ફેરફારો એક સમયે એક પગલું લઈને કરશો.

### મિથુન (ક,છ,ઘ) :

આજના તમારી ખરાબ આદતો તમારી માટે મુશ્કેલીઓ સર્જશે. જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિઝૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો. તમારો થોડો સમય અન્યોને આપવા માટે સારો દિવસ. પ્રેમ પ્રકરણમાં તમને ખાટી રીતે લેવામાં આવે એવી સક્યતા છે. તમારા કાર્ય અને પ્રાથમિકતાઓ પર ધ્યાન આપો.

### કર્ક (ડ,હ) :

આજે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. તમારી માટે પ્રેમ પવનમાં છે. તમારે માત્ર તમારી આસપાસ જોવાની જરૂર છે, બધું જ ગુલાબી દેખાશે. તમને લાભ થવાની શક્યતા છે.

### સિંહ (મ,ટ) :

આજના દિવસ માં હાલની ઘટનાઓને કારણે તમારૂં મગજ ખલેલ પામ્યું છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો. મિત્રો સાથે કશુંક ઉત્સાહજનક અને મનોરંજક કરવાનો દિવસ.

### કન્યા (પ,ઠ,ણ) :

આજે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા મિત્રોને ન લેવા દો. આજે કામના સ્થળે તમે કશુંક ખરેખર અદભુત કરશો. તમે ભૂતકાળ માં કાર્ય ક્ષેત્ર માં ઘણા કામ અધૂરા છોડી દીધા છે, જેની તમારે આજે ચૂકવણી કરવી પડી શકે છે.

### તુલા (ર,ત) :

આજના દિવસે બિનજરૂરી તાણ અને ચિંતા તમારા જીવનનો રસ ચૂસી લઈ તમને શુષ્ક બનાવી શકે છે. તેનાથી મુક્ત થવું જ સારૂં છે અન્યથા આ તાણ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે.

### વૃશ્ચિક (ન,ય) :

આજના દિવસે મુશ્કેલીઓ પર નિવાસ કરવાની તથા તેને એનેકગણી વધારવાની તમારી ટેવ તમારા તંતુને નબળો પાડી શકે છે. આજે તમે સારૂં એવું ધન કમાશો. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. પ્રિયપાત્ર સાથે કેન્ડલ લાઈટમાં ભોજન શૅર કરશો. તમે જો ઘણા સમયથી કામના સ્થળે મુશ્કેલી અનુભવતા હશો તો આજનો દિવસ ખરેખર સારો રહેશે.

### ધન (ભ,ધ,ફ) :

આજના દિવસે ઘરની બહારની પ્રવૃત્તિઓ આજે થકવનારી તથા તાણયુક્ત હશે. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. ખોટો સંવાદ અથવા સંદેશ તમારા દિવસને નીરસ બનાવી શકે છે. કોઈ બાબત કે ઘટના બને તેની રાહ ન જોતા-બહાર નીકળો અને નવી તકોને શોધો.

### મકર (ખ,જ) :

આજના દિવસે બાળકોની સંગતમાં આશ્વાસન પ્રાપ્ત થશે. માત્ર તમારા પરિવારના જ નહીં પણ અન્યોના સંતાનોમાંની રોગનિવારક શક્તિ તમને આશ્વાસન આપી શકે છે તથા તમારી બેચેનીને શાંત કરી શકે છે. વગર વિચાર્યે પોતાના પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમય માં તકલીફ થયી શકે છેતમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો.

### કુંભ (ગ,શ,સ) :

આજના દિવસે વ્યસ્તતા છતાં તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો- લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. એકાએક થયેલો રૉમેન્ટક મેળાપ તમને મૂંઝવી નાખશે. નવી બાબતો શીખવાની અભિરૂચિ નોંધપાત્ર રહેશે. એવા ઉતાવળા નિર્ણય લેતા નહીં.

### મીન (દ,ચ,ઝ,થ) :

આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે? કલ્પનાઓ કે તરંગ-તુક્કા પાછળ દોડશો નહીં તથા વધુ વાસ્તવવાદી બનવાનો પ્રયાસ કરો-તમારા મિત્રો સાથે વધુ સમય વિતાવો.






નેપાળના સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનો પછી, પારસા જિલ્લાના બિરગંજમાં એક બળી ગયેલું માળખું ખંડેર હાલતમાં પડેલું છે., પડોશી દેશમાં, યુપીના મહારાજગંજ જિલ્લામાં, સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનો પછી, સુરક્ષા કર્મચારીઓ નેપાળ સાથેની સરહદની ભારત બાજુએ દેખરેખ રાખે છે.

**ન્યૂઝ બ્રિફ**

### ભારતના ઉદયને તાકાત આપવા માટે આત્મનિર્ભરતા જરૂરી : પીએમ મોદી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઘરઆંગણે બનતી પેદાશોને પ્રોત્સાહન આપવા માટે 'સ્વદેશી મેળા'નું આયોજન કરવા એનડીએ સાંસદે સત્તારૂઢ એનડીએના સાંસદોને આહ્વાન કર્યુ છે. એટલું જ નહિ આ ચળવણને લોકો સુધી પહોંચાડવાનો નિર્ધાર પણ તેમણે વ્યક્ત કર્યો હતો. મોદીએ ભાર પૂર્વક જણાવ્યું હતું કે ભારતના ઉદય માટે આત્મનિર્ભરતા જ એક માર્ગ છે. એના થકી જ પડકારોનો સામનો કરી શકાશે. ઉપપ્રમુખની ચૂંટણીના એક દિવસ અગાઉ સાંસદોને સંબોધતાં મોદીએ ભારતમાં બનાવેલા ઉત્પ ાદનોને પ્રોત્સાહન આપવાની અને જીએસટી દરમાં ઘટાડાની વ્યાપક અસર લોકો સુધી પહોંચાડવાની જરૂરિયાત પર ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું. જે માટે સાંસદો તેમના મતવિસ્તારમાં લોકો અને વેપ ારીઓ સાથે બેઠકો યોજે અને તેમને તેમની સમજ આપે. હવે નવરાત્રિ અને દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને તેની તાતી જરૂર હોવાનું મોદીએ કહ્યુ હતું.કેન્દ્રીય મંત્રી કિરન રિજિજુએ પ છીથી કહ્યું હતું કે મોદીએ કોઇ દેશનો ઉલ્લેખ કર્યો નહતો. તેમણે માત્ર આત્મનિર્ભરતાની જરૂરિયાત પર ભાર મુક્યો હતો. ભારત જ્યારે એક મજબૂત રાષ્ટ્ર તરીકે ઊભરી રહ્યો છે ત્યારે કેટલાક પડકારો આવશે જ. એક વિકસિત રાષ્ટ્ર બનવા આત્મનિર્ભરતાની જરૂર છે. ઉલ્લેખનીય છે કે અમેરિકાના ૫૦ ટકા ટેરિફ લાદવાના નિર્ણય બાદથી વડાપ્રધાન 'સ્વદેશી' પર ભાર મુકી રહ્યા છે. મોદીએ તાજેતરમાં પસાર થયેલા ઓનલાઈન ગેમો અંગેના કાયદાની હકારાત્મક અસર અંગે લોકોને જાણ કરવાની હિમાયત કરી હતી.

### મુંબઈમાં ૮૧ વર્ષીય વૃદ્ધે ચાકુથી ગળું કાપીને ૭૪ વર્ષીય પત્નીની હત્યા કરી દીધી

। (એજન્સી) મુંબઈ, તા.૧૦ ।

સામાન્ય રીતે પતિ-પત્ની વૃદ્ધાવસ્થામાં એકબીજાનો સૌથી મોટો આધાર હોય છે. પરંતુ મુંબઈમાં એક ૮૧ વર્ષીય વૃદ્ધે એવું ઘાતક પગલું ભર્યુ, જે સાંભળીને રુંવાડા ઊભા થઈ જશે. સમગ્ર ઘટના એવી છે કે વસઈના રહેવાસી ૮૧ વર્ષીય ગેબ્રિઅલ પરેરાએ પોતાની ૭૪ વર્ષીય પત્નીનું ચાકુથી ગળું કાપી નાંખ્યું અને ત્યાર પછી પોતે પણ આપઘાત કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ એ બચી ગયા છે. પતિ-પત્ની બંને બીમાર રહેતા હતા. આ વૃદ્ધ દંપતિનો એક પુત્ર છે, જે ઘટના સમયે ઘરે હાજર ન હતો. પતિ-પત્ની બંને લાંબા સમયથી બીમાર રહેતા હતા. બંને ગળાની, પીઠની, ઘુટણની અને અન્ય બીમારીઓથી પીડિત હતા. શનિવારે સાંજે લગભગ ૮-૩૦ કલાકે - ગેબ્રિઅલ પરેરા(ઉંમર)એ પોતાની પત્ની આર્ટિના પરેરા(ઉંમર ૭૪) પર ચાકુથી હુમલો કરીને તેની હત્યા કરી દીધી. ત્યાર પછી પતિએ એ જ ચાકુથી પોતાની હાથની નસ કાપીને આપઘાત કરવાની કોશિશ કરી, પરંતુ ગંભીર રીતે ઘાયલ પરેરાને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા, જ્યાં જીવન અને મોતની વચ્ચે ઝઝૂમી રહ્યા છે. ઘટના સમયે દંપતિનો પુત્ર ઘરથી બહાર ગયો હતો. જોકે, પુત્ર પરત ફર્યો ત્યારે ઘર અંદરથી બંધ હતું, જેના કારણે તેણે દરવાજો તોડ્યો અને અંદર જોયું તો માતા લોહીલુહાણ હાલતમાં મૃત હાલતમાં અને પિતા ગંભીર રીતે ઘાયલ હાલતમાં હતા. તેણે તરત જ પોલીસને જાણ કરી, અને વસઈ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ૭૪ વર્ષીય આર્ટિનાનો મૃતદેહને સરકારી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલ્યો અને ઘાયલ ગેબ્રિયલ પરેરાની સામે કાયદાની કલમ ૧૦૩(૧) અંતર્ગત ગુનો નોધ્યો છે.

#### CM યોગીએ ઉઠાવ્યો મુદ્દો

# યુપીમાં એક વ્યક્તિના નામ પર ૬ જગ્યાએ નોકરી

## લખનઉમા વજીરગંજ પોલીસ સ્ટેશનમાં આ મામલે કેસ દાખલ કરી તેની તપાસ કરવામાં આવી રહી છે

। (એજન્સી) લખનૌ, તા.૧૦ ।

ઉત્તર પ્રદેશ સ્વાસ્થ્ય વિભાગમાં મોટો સ્કેમ સામે આવ્યો છે. એક વ્યક્તિએ અર્પિત સિંહ નામથી ૬ જિલ્લામાં એક્સ-રે-ટેકનીશિયનની નોકરી કરી અને વેતન લીધું. લખનઉમા વજીરગંજ પોલીસ સ્ટેશનમાં આ મામલે કેસ દાખલ કરી તેની તપાસ કરવામાં આવી રહી છે. ઉત્તર પ્રદેશના સ્વાસ્થ્ય વિભાગમાં ૨૦૧૬માં એક્સ-રે-ટેકનીશિયન પદ પર ભરતી થયેલા એક વ્યક્તિ દ્વારા એક જ નામથી ૬ અલગ અલગ જિલ્લાઓમાં નોકરી કરવાના મામલે લખનઉ પોલીસે કેસ દાખલ કર્યો છે. ચિકિત્સા અને આરોગ્ય સેવા મહાનિર્દેશાલયમાં ડો.રંજના ખરે દ્વારા નોંધવામાં



આવેલી ફરિયાદમાં જણાવ્યુ છે કે આરોપીઓ ખોટા દસ્તાવેજોની મદદથી અર્પિત સિંહ નામે નોકરી મેળવી હતી. અર્પિત સિંહનુ નામ ઉત્તર પ્રદેશ સેવા પસંદગી આયોગ દ્વારા ૨૦૧૬માં જાહેર થયેલી ભરતી યાદીમાં ક્રમાંક ૮૦ પર હતુ. વઝીરગંજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી FIR મુજબ આરોપીએ બલરામપુર, ફરુંખાબાદ, રામપુર, બાંદા, અમરોહા અને શામલી જેવા જિલ્લાઓમાં ખોટી રીતે નિમણૂક મેળવી હતી અને ૨૦૧૬થી પગાર લઈ રહ્યો હતો, જેના કારણે રાજ્યના ખજાનાને આર્થિક નુકસાન થયું હતું. પોલીસ સૂત્રો અનુસાર, છેતરપિંડી અને દસ્તાવેજોની જાળસાજી અંગે કેસ નોંધાઈ ગયો છે અને તપાસ શરૂ કરવામાં આવી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દ્વારા જૂનિયર સહાયક અને એક્સ-રે ટેકનિશિયનને નિયુક્તિ પત્ર આપવાના કાર્યક્રમમાં આ મામલો જાહેર કરવામાં આવ્યો હતો અને તે પછીના કેટલાક કલાકોમાં જ આ કેસ નોંધવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીએ આ બાબતે કહ્યુ કે ભરતીમાં કેવી ગેરરીતિ થતી હતી?

#### ઈમેલથી દિલ્હીની સુરક્ષા વ્યવસ્થાને પડકાર ફેંકાયો

# દિલ્હીની મેડિકલ કોલેજ અને સચિવાલયને મળી મેઇલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

## ધમકી મળતાની સાથે જ SOP હેઠળ તાત્કાલિક કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી, બંને સ્થળોએ બોમ્બ સ્ક્વોડ અને પોલીસ ટીમો તૈનાત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

ફરી એકવાર બોમ્બ ધમકીવાળા ઈમેલથી દિલ્હીની સુરક્ષા વ્યવસ્થાને પડકાર ફેંકાયો છે. આ વખતે, દિલ્હીની મૌલાના આઝાદ મેડિકલ કોલેજને આ ધમકી મળી છે. વાસ્તવમાં, મેડિકલ કોલેજ મેનેજમેન્ટને મેઈલ દ્વારા ધમકી આપવામાં આવી છે કે આખી ઈમારત બોમ્બથી ઉડાવી દેવામાં આવશે. આ મામલો પ્રકાશમાં આવતાની સાથે જ દિલ્હી પોલીસ, બોમ્બ સ્ક્વોડ અને ફાયર બ્રિગેડના વાહનો ઘટનાસ્થળે પહોંચી ગયા. આવા ધમકીભર્યા ઈમેલ ફક્ત મૌલાના આઝાદ મેડિકલ કોલેજ માટે જ નહીં પરંતુ મુખ્યમંત્રી સચિવાલય માટે પણ આવ્યા છે. ઈમેલમાં વિસ્ફોટનો સમય MAMC માટે બપોરે ૨:૪૫ વાગ્યા અને સચિવાલય માટે ૩:૩૦ વાગ્યાનો જણાવવામાં આવ્યો છે.ધમકી મળતાની સાથે જ SOP હેઠળ તાત્કાલિક કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. બંને સ્થળોએ બોમ્બ સ્ક્વોડ અને પોલીસ ટીમો તૈનાત કરવામાં આવી છે. MAMC અને સચિવાલય કેમ્પસમાં BDDS/BDT ટીમો સતત તપાસ કરી રહી છે. એડિશનલ DCP સેન્ટ્રલ, ACP કમલા માર્કેટ અને IP એસ્ટેટના SHO સચિવાલયમાં હાજર છે.

ધમકી મળતાની સાથે જ SOP હેઠળ તાત્કાલિક કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. બંને સ્થળોએ બોમ્બ સ્ક્વોડ અને પ ોલીસ ટીમો તૈનાત કરવામાં આવી છે. MAMC અને સચિવાલય પ રિસરમાં BDDS/BD ટીમો સતત તપાસ કરી રહી છે. સચિવાલયમાં વધારાના DCP સેન્ટ્રલ, ACP કમલા માર્કેટ અને IP એસ્ટેટના SHO હાજર છે. મેડિકલ કોલેજમાં તપાસ પર IP એસ્ટેટના ATO દ્વારા દેખરેખ રાખવામાં આવી રહી છે. હાલમાં, સાયબર સેલ ઈમેઈલની તપાસ કરી રહ્યું છે અને તેની સત્યતા શોધવાનો પ્રયાસ કરી રહ્યું છે. DDMA, ટ્રાફિક પોલીસ અને સ્પેશિયલ સેલને પણ એલર્ટ કરવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં, ઈમેઈલની પેટર્ન અગાઉના બનાવટી મેઈલ જેવી જ છે.



જમ્મુમાં કડક જાહેર સલામતી કાયદા (પીએસએ) હેઠળ ધારાસભ્ય મેહરાજ મલિકની અટકાયત સામે પાર્ટીના વિરોધ પ્રદર્શન દરમિયાન આપ નેતા સંજય સિંહ.

#### નવ મંત્રીના રાજીનામાં

# નેપાળમાં બાંગ્લાદેશ જેવી સ્થિતિ, PM ઓલી દુબઈ ભાગે તેવી અટકળો

## આંદોલનકારીઓના ઉગ્ર આંદોલનને પગલે નેપાળના વડાપ્રધાન કેપી શર્મા ઓલી દુબઈ પલાયન કરવાની તૈયારી કરી રહ્યા હોવાના અહેવાલ છે

। (એજન્સી) નેપાળ, તા.૧૦ ।

નેપાળના કાઠમંડુમાં ગઈકાલે શરૂ થયેલું Gen Z આંદોલન વિકરાળ સ્વરૂપ લઈ રહ્યું છે. ગઈકાલે ૨૦ આંદોલનકારીઓના મોત બાદ રોષ ભભૂકી ઉઠ્યો છે. આજે મોટી સંખ્યામાં યુવાનોએ નેપાળના માહિતી સંચાર મંત્રીના નિવાસ સ્થાનને આગ ચાંપી હતી. નવ મંત્રીઓએ રાજીનામું આપી દીધુ છે. આંદોલનકારીઓના ઉગ્ર આંદોલનને પગલે નેપાળના વડાપ્રધાન કેપી શર્મા ઓલી દુબઈ પલાયન કરવાની તૈયારી કરી રહ્યા હોવાના અહેવાલ છે. જે બાંગ્લાદેશની શેખ હસીનાની સરકારને તોડી પાડવા અપનાવવામાં આવેલો હથકડો નેપાળમાં પણ અપનાવવામાં આવ્યો હોવાનો સંકેત આપે છે.

નેપાળમાં મોટાભાગના વિસ્તારોમાં કરફ્યુ હોવા છતાં આંદોલનકારીઓએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રતિબંધ લાદવાનો આદેશ આપનારા અને તેમાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા માહિતી સંચાર મંત્રી પૃથ્વી સુબ્બા



ગુરુંગના ખાનગી નિવાસસ્થાનને આગ ચાંપી હતી. ઘટના બાદ પોલીસ તુરંત ફાયર બ્રિગેડની ગાડીઓ સાથે ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયરબ્રિગેડ દ્વારા આગ બૂઝાવવાનો અને બચાવ કામગીરી શરૂ કરાઈ હતી. આ આંદોલન સતત ઉગ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યું છે. પૂર્વ વડાપ્રધાન પુષ્પ કમલના ઘરે પણ આગ ચાંપી હતી. જ્યારે પૂર્વ ડેપ્યુટી પીએમ રઘુવીર મહાસેઠના જનકપુર સ્થિત ઘર પર ઉપદ્રવીઓએ પથ્થરમારો કર્યો હતો.

નેપાળમાં હિંસક આંદોલનની અપડેટ્સ:

આંદોલનકારીઓએ ગૃહમંત્રી રમેશ લેખકના ઘરમાં તોડફોડ કરી આગ ચાંપી

કીર્તિપુર નગરપાલિકા ભવનને આગ ચાંપી

# અમેરિકામાં કાયદેસરના ઈમિગ્રન્ટ્સ પર પણ દેશનિકાલનું જોખમ

## ઈમિગ્રેશન એજન્સીએ રેવન્યુ એજન્સી પાસેથી ઈમિગ્રન્ટ્સનો ડેટા મેળવ્યો

। વોશિંગ્ટન, તા.૧૦ ।

વિદેશી નાગરિકો માટે અમેરિકામાં જવાનું અને અમેરિકામાં રહેવાનું દિવસે દિવસે મુશ્કેલ બનતું જાય છે. ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન નવા નવા નોટિફિકેશન બહાર પાડીને વિદેશી નાગરિકો માટે મુશ્કેલીમાં વધારો કરે છે. એવું જ એક નવું નોટિફિકેશન આવ્યું છે એ પ્રમાણે સ્ટૂડન્ટ્સ કે ટૂરિસ્ટ વિઝા લઈને અમેરિકા ગયેલા વિદેશી નાગરિકોએ જો કામ કર્યુ હશે તો તેમનો તાત્કાલિક દેશનિકાલ કરાશે.અમેરિકામાં ઓલરેડી વિઝા મેળવીને અમેરિકામાં રહેતા સ્ટૂડન્ટ્સ, વિઝિટર્સ, એચ-૧બી વિઝાધારકો માટે પ્રમુખ ટ્રમ્પે મુશ્કેલી ઊભી કરી છે. ટ્રમ્પ સરકારે રેવન્યુ વિભાગ (આઈઆરએસ) પાસેથી કાયદેસરના ઈમિગ્રન્ટ્સની આવકનો ડેટા એકત્ર કર્યો છે. જે વિદેશી નાગરિકો સ્ટૂડન્ટ્સ વિઝા, એચ-૧બી વિઝા કે વિઝિટર્સ વિઝા મેળવીને આવ્યા હોય અને તેમણે રોજગારીની અન્ય આવકો કરી હશે તો તેમને દેશનિકાલ કરવામાં આવશે. આ નિર્ણયની અસર ખૂબ બધા ભારતીયો પર થશે. અમેરિકાના ઈમિગ્રેશન વિભાગે જુદી જુદી સુરક્ષા એજન્સીઓ પાસેથી ડેટા એકઠો કર્યો છે. સ્થાનિક એજન્સીઓના લિસ્ટમાં એવા વિદેશી નાગરિકો નોંધાયા હશે કે જે વર્ક સિવાયની કેટેગરીના વિઝા લઈને આવ્યા હશે અને પછી કામ કરતા ઝડપાયા હશે તો તેમને પ ાછા ધકેલી દેવાશે. વળી, એચ-૧બી વિઝા હેઠળ જે કંપનીએ વિઝા આપ્યા હશે તે સિવાય ફ્રી લાન્સિંગ કામ કર્યુ હશે એની સામેય આવી જ કાર્યવાહી થશે. ભારતના સેંકડો સ્ટૂડન્ટ્સ ભણતા ભણતા સાઈડજોબ કરતાં હોય છે. એ જ રીતે વિઝિટર્સ પણ છ મહિના સુધી રોકાતા હોય એ દરમિયાન સાઈડમાં કામ કરે છે. ભારતીય સહિત બધા જ વિદેશી નાગરિકોમાં આ પોપ્યુલર ટ્રેન્ડ છે.

#### ચીન-જાપાન સાથે ભારતની ઘરી જોઇ યુક્રેનના પ્રમુખે ચાલ બદલી

# ભારત પર ટેરિફ લાદીને અમેરિકાએ બરોબર કર્યુ છે : ઝેલેન્સ્કીનો યુ-ટર્ન

## ભારત વિરોધી નિવેદનથી બંને દેશોના સંબધોમાં કડવાશ આવશે: અમેરિકાની ટેરિફ નીતિનું સમર્થન કર્યુ

। (એજન્સી) કીવ, તા.૧૦ ।

યુક્રેન-રશિયા વચ્ચેના યુદ્ધમાં સૌ કોઈ શાંતિ ઝંખી રહ્યું છે, પરંતુ યુદ્ધવિરામના કોઈ સંકેત સાંપ ડી રહ્યા છે. આ મામલામાં પહેલા યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ફોન પર વાતચીત કરતા હતા. પરંતુ, શાંઘાઈ સહયોગ સંગઠન(એસસીઓ)ની સમિટમાં રશિયા, ચીન અને ભારતની ત્રિપુટી જોયા પછી ઝેલેન્સ્કી ખુલીને હવે અમેરિકાના સમર્થનમાં આવી ગયા છે. ઝેલેન્સ્કીએ પહેલીવાર ભારત અંગે એવુ નિવેદન આપ્યું છે કે જેનાથી બંને દેશોના કૂટનીતિક સંબંધોમાં કડવાશ લાવી દેશે. ઝેલેન્સ્કીએ અમેરિકાના મીડિયાની સાથે વાતચીત કરતી વખતે કહ્યું કે અમેરિકાએ ભારત પર ટેરિફ લાદીને બિલકુલ યોગ્ય કર્યુ છે. મને લાગે છે કે રશિયા સાથે સોદો કરનાર દેશો પર ટેરિફ મુકવાનો વિચાર ઉચિત છે. ઉલ્લેખનીય છે કે ઝેલેન્સ્કીને એસસીઓના શિખર સંમેલન માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ચીન યાત્રા મામલે સવાલ પ ૂછવામાં આવ્યા હતા. સૌથી મહત્વપ ૂર્ણ વાત એ છે કે ઝેલેન્સ્કીએનું નિવેદન એવા સમયે સામે આવ્યું છે, જ્યારે ટ્રમ્પ સરકાર રશિયા સામેના પ્રતિબંધોને વધુ આકરા કરવાની યોજના બનાવી રહી છે. ગત મહિને અમેરિકાના અલાસ્કામાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પ ુતિનની સાથે ટ્રમ્પની વાતચીત કૂટનીતિક સફળતા હાંસલ થઈ શકી નથી. ટ્રમ્પે કહ્યું કે એ રશિયાની સામે પ્રતિબંધોનો વિસ્તાર કરવા માટે તૈયાર છે. રાષ્ટ્રીય આર્થિક પ રિષદના ડાયરેક્ટર કેવિન હેસેટે પણ રશિયા પર નવા પ્રતિબંધોના સંકેત આપ્યા છે, અને ભારતનું ઉદાહરણ આપ્યું હતું.યુક્રેન પર રશિયાના તાજેતરના સૈન્ય હુમલા પછી કેવિન હેસેટે કહ્યું કે રાષ્ટ્રીય આર્થિક પરિષદમાં અમારી જવાબદારી છે કે અમે પ્રતિબંધો લાગુ કરીએ અને જે લોકો યુક્રેનની સામેના યુદ્ધમાં રશિયાની મદદ કરી રહ્યા છે, ઉદાહરણ તરીકે - ભારત રશિયા પાસેથી ઓઈલ ખરીદી રહ્યું છે, અમે તેને(ભારત) આર્થિક રીતે જવાબ આપવા તૈયાર છીએ. મને ભરોસો છે કે આજે અને કાલે પ્રતિબંધોના સ્તર અને સમય અંગે વિસ્તૃત ચર્ચા થશે. તાજેતરના સપ્તાહોમાં ભારતે યુક્રેન યુદ્ધ સમાપ્ત કરવાની પોતાની વકીલાત તેજ કરી છે. મોદીએ ગત મહિને આ મામલાને લઈને ઝેલેન્સ્કીની સાથે વાતચીત કરી હતી.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**

**વિવિધ વિદ્યુત કાર્યો**

**ઈ-ટેન્ડર-નોટિસ નંબર: Sr.DEE/ADI/23 (25-26) dt. 09.09.2025.**

| ટેન્ડર નંબર અને કામનું નામ | અંદાજિત ખર્ચ | અર્નેસ્ટ મની |
|---|---|---|
| EL-50-1-ADI-T-31-2025-26 | 75,95,092/- | 1,51,900/- |
| ડીઆરએમ ઓફિસ અસારવા ખાતે વોરંટી અવધિ પૂર્ણ થયા પછી એકાઉન્ટ્સ વિભાગના ૨૪ નંગ ૪ ટન ૪ વે કેસેટ પ્રકારના એસી યુનિટ માટે, ગાંધીધામ - નલિયા વિભાગના વિવિધ સ્ટેશનો પર ૩૯ નંગ એસી યુનિટ માટે 03 વર્ષના સમયગાળા માટે, ડાઈકિન મેકના ૧૩૪ નંગ ઈન્ડોર વીઆરવી એસી યુનિટ અને રનિંગ રૂમ ન્યુ પાલનપુર જંકશનના 0૯ નંગ આઉટડોર વીઆરવી એસી યુનિટ માટે ત્રણ વર્ષના સમયગાળા માટે અને બેડમિન્ટન કોર્ટ ન્યુ રેલવે ઓફિસર્સ કોલોની સાબરમતી ખાતે ૪ નંગ ૧૭ ટન પેકેજ પ્રકારના એસી યુનિટ માટે 0૫ વર્ષના સમયગાળા માટે વ્યાપક વાર્ષિક જાળવણી કરાર. | | |
| EL-50-1-ADI-T-32-2025-26 | 16,59,560/- | 33,200/- |
| અમદાવાદ મંડળ ના તમામ એસએસઈ/ઈલેક્ટ્રિકલના અધિકારક્ષેત્ર હેઠળ બોલ બેરિંગ બદલવા અને સીલિંગ ફેન રિવાઈન્ડ કરવા સંબંધિત ઈલેક્ટ્રિકલ કાર્યો. | | |

**સબમિશનની તારીખ અને સમય:** 07.10.2025 ના 15:00 કલાક પછી નહીં

**ખુલવાની તારીખ અને સમય:** 07.10.2025 ના 15:30 કલાકે

**ઓફિસનું સરનામું:** સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી.આર.એમ. ઓફિસ (ડબલ્યુ.આર.), ચામુંડા પુલ પાસે; જી.સી.એસ. હોસ્પિટલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ - 382345

**વેબસાઈટની વિગતો:** www.ireps.gov.in ADI 156

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## સાંતલપુર પંથકમાં નદીમાં નહાવા પડેલા ૧૨ લોકો ડૂબ્યા, ૨નાં મોત, ૪ લાપત્તા

। (એજન્સી) પાટણ, તા.૧૦ ।

પાટણ સાંતલપુર તાલુકામાં બે અલગ-અલગ ગામમાં નદીમાં નહાવા ગયેલા કુલ ૧૨ યુવકો ડૂબ્યા હોવાની ઘટના સામે આવી છે. જેમાં નળિયા ગામ નજીક પસાર થતી ખારી નદીમાં ૯ યુવકો ડૂબ્યા હતા. જેમાંથી ૪નો આબાદ બચાવ થયો છે. જ્યારે બે યુવકોનાં મોત થયા છે જ્યારે ૩ યુવકો લાપત્તા છે. આ ઉપરાંત રણમલપુરા ગામ પાસેની નદીમાં ત્રણ યુવાનો ડૂબ્યા હતા. જેમાંથી બેનો બચાવ થયો છે. જ્યારે એક લાપત્તા છે જેની શોધખોળ ચાલી રહી છે. નદીમાં અચાનક પાણીનો પ્રવાહ વધતા યુવકો ડૂબ્યા હોવાનું મનાય છે. મંગળવારે બપોરે યુવકો ખારી નદીમાં નહાવા માટે ગયા હતા. તે દરમિયાન નદીમાં પાણીનો પ્રવાહ વધતા નવ યુવકો તણાઈ ગયા હતા. જે બાદ ડૂબવા લાગ્યા હતા.

### મહિલા કામદારોને રાત્રી પાળીમાં તેમની સંમતિથી અને સંપૂર્ણ સલામત વાતાવરણમાં કામ કરવાની કાયદેસરની તક પ્રાપ્ત થશે

# કારખાના ધારા (ગુજરાત સુધારા) વિધેયક-૨૦૨૫ વિધાનસભા ગૃહમાં પસાર થયું

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૦ ।

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રના છેલ્લા દિવસે, કારખાના ધારા (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૨૫ મંજૂર કરવામાં આવ્યું હતું. આ વિધેયક રજૂ કરતા શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપુતે જણાવ્યું હતું કે, ૧૯૪૮માં અમલમાં આવેલા મહિલા શ્રમયોગીઓને રાત્રી પાળીમાં કામે રાખવાની જોગવાઈ ન હતી, પરંતુ આ સુધારા વિધેયકમા દૈનિક કામના કલાકો તથા ઓવરટાઈમના કલાકોની સંખ્યામાં ફેરફાર કરવાની અને રાત્રીપાળીમાં મહિલા શ્રમયોગીઓને કામે રાખવાની પરવાનગી આપવાની સત્તા ગુજરાત સરકારને પ્રાપ્ત થાય તેવી જોગવાઈ કરવાનો આ વિધેયકનો મુખ્ય ઉદ્દેશ છે. શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપુતે વિધાનસભા ગૃહમાં કારખાના ધારા (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૨૫ રજુ કરતા કહ્યું હતું કે, રાજ્યમાં આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપવા, રાષ્ટ્રીય હિતમાં નવા ઔદ્યોગિક એકમોમાં રોકાણ આકર્ષવું અને રાજ્યમાં વધુ રોજગારી ઉભી કરવા માટે કારખાનાઓને યોગ્ય રાહતો આપવાની સાથે-સાથે શ્રમિકોના હિતનું રક્ષણ કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, કારખાના ધારો કેન્દ્ર સરકારનો કાયદો છે. તેમાં મળેલ સત્તાઓ અનુસંધાને રાષ્ટ્રપતિની અનુમતિથી રાજ્ય સરકારો પોતાના રાજ્યને લાયક જરૂરી સુધારા કરી શકે છે અને તે સત્તા હેઠળ ખાસ કારખાના જૂથને અથવા વર્ગને દૈનિક કામના કલાકો તથા ઓવરટાઈમના કલાકોની સંખ્યામાં ફેરફાર કરવાની અને રાત્રીપાળીમાં મહિલા શ્રમયોગીઓને કામે રાખવાની પરવાનગી આપવાની સત્તા ગુજરાત સરકારને પ્રાપ્ત થાય તેવી જોગવાઈ કરવાનો આ વિધેયકનો મુખ્ય ઉદ્દેશ છે. બલવંતસિંહ રાજપુતે કહ્યું હતું કે, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં સરકારને જરૂરી લાગે તેવી શરતો-ખાસ કરીને મહિલા શ્રમયોગીઓની સલામતી અને સ્વાસ્થ્ય સંબંધી શરતોને ધ્યાને રાખીને આ અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરીને જ આવી મંજૂરી રાજ્ય સરકાર દ્વારા આપવામાં આપશે તેવી જોગવાઈ આ વિધેયકમાં કરવામાં આવી છે.

## મહિલાઓ પણ રાત્રે કરી શકશે ૧૨ કલાકની નોકરી

મંત્રીશ્રીએ કહ્યું હતું કે, કારખાના ધારા, ૧૯૪૮માં મહિલા શ્રમયોગીઓને રાત્રી પાળીમાં કામે રાખવાની જોગવાઈ ન હોવા છતાં મહિલા શ્રમયોગીઓને સમાનતા, સ્વતંત્રતા, વ્યવસાય કરવાના અને આર્થિક ઉપાર્જન કરવાના બંધારણીય અધિકારને ધ્યાને લઈને ગુજરાત ન્યાયાલય દ્વારા આપવામાં આવેલ નિર્દેશોને કાયદાકીય સ્વરૂપ આપવા માટે પ્રસ્તાવિત વિધેયકમાં ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે, આ વિધેયકમાં જે કંઇ જોગવાઈઓ કરવામાં આવી છે. તેમાં સૌથી મહત્વની જોગવાઈ એ છે કે હવે મહિલા કામદારોને રાત્રી પાળીમાં તેમની સંમતિથી અને સંપૂર્ણ સલામત વાતાવરણમાં કામ કરવાની કાયદેસરની તક પ્રાપ્ત થશે.વડાપ્રધાનશ્રીએ ‘‘બેટી બચાઓ, બેટી પઢાઓ’’નું સુત્ર આપ્યું. છે. ‘‘બેટી પઢાઓ’’ પછી ‘‘બેટી આગે બઢાઓ‘‘ એટલે કે ભણેલ ગણેલ અને કૌશલ્ય પ્રાપ્ત કરેલ બહેનો-દિકરીઓને રોજગારીની વધુને વધુ તક આપવામાં આવે, તેઓ આર્થિક કમાણી કરી શકે અને પગભર થઈ સ્વમાનભેર જીવી શકે તે માટે ૧૬ જેટલી શરતોએ મંજૂરી આપવા અંગેની જોગવાઈ પણ આ વિધેયકમાં કરવામાં આવી છે. રાત્રી પાળીમાં સ્વેચ્છાએ કામ કરતી મહિલા શ્રમિકોને તેના ઘર-કુટુંબ માટે દિવસ દરમિયાન સમય મળી રહેશે.

### માત્ર 3 કલાક જ વિદ્યાર્થીઓને ભણાવાશે!

## ૧૬ સપ્ટેમ્બરે ગુજરાતની શાળાઓના સમયમાં ફેરફાર

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૦ ।

રાજ્યના શિક્ષણ વિભાગના નવા આદેશ મુજબ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ પ્રાથમિક શાળાઓનો સમય સવારે ૮ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધીનો રહેશે. સામાન્ય દિવસોની સરખામણીએ આ દિવસે શાળાઓ ત્રણ કલાક વહેલી પૂર્ણ થઈ જશે. શિક્ષણ વિભાગ દ્વારા આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્ય શિક્ષક મહાસંઘ દ્વારા આ દિવસે રાજ્યવ્યાપી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર કાર્યમાં શિક્ષકો મોટી સંખ્યામાં જોડાઈ શકે અને સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી શકે તે હેતુથી શાળાઓનો સમય સવારનો કરવામાં આવ્યો છે. આ નિર્ણય દ્વારા શિક્ષણ વિભાગે શિક્ષકોના સામાજિક કાર્યોને પ્રોત્સાહન આપ્યું છે અને તેમને રક્તદાન જેવા ઉમદા કાર્યમાં ભાગ લેવા માટે પૂરતો સમય પૂરો પાડ્યો છે. આ આદેશનું પાલન કરવું તમામ પ્રાથમિક શાળાઓ માટે ફરજિયાત છે. આ જાહેરાત શિક્ષકો અને વાલીઓ બંને માટે રાહતરૂપ બની રહેશે.

૧૬ સપ્ટેમ્બર ૨૦૨૫ રોજ યોજાનાર ભવ્ય મહારક્તદાન શિબિર એ માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ ગુજરાતના કર્મચારીઓ દ્વારા માનવતાના મહાદાનનું એક ઉદાહરણ છે. આ શિબિરનું આયોજન ભારત સરકારના મહત્વકાંક્ષી ‘ઓપરેશન સિંદૂર’ ની સફળતા અને ગુજરાતના પનોતા પુત્ર, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાહેબના જન્મદિવસની પૂર્વ સંધ્યાએ કરવામાં આવ્યું છે.

આ ભગીરથ કાર્યમાં રાજ્યના તમામ વિભાગોના કર્મચારીઓ ઉમંગભેર જોડાઈ રહ્યા છે. ખાસ કરીને, શિક્ષણ ક્ષેત્રે કાર્યરત પ્રાથમિક શિક્ષકો પણ આ સમાજોપયોગી પ્રવૃત્તિમાં પોતાનું યોગદાન આપવા ઉત્સાહિત છે. આ મહાન કાર્યમાં શિક્ષક ભાઈ-બહેનો સરળતાથી ભાગ લઈ શકે તે હેતુથી, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણના કાર્યાલય દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. તા. ૧૬/૦૯/૨૦૨૫, મંગળવારના રોજ રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓનો સમય સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ કલાક સુધીનો રહેશે. આ ફેરફાર ફક્ત આ એક જ દિવસ પૂરતો લાગુ પડશે, જેથી શિક્ષકો સવારે ૧૧ પછી ૩૦૦થી વધુ સ્થળોએ આયોજિત રક્તદાન શિબિરમાં ભાગ લઈ શકે.

રક્તદાન એ જીવનદાન છે. એક નાનકડું યોગદાન કોઈના જીવનને બચાવી શકે છે. રાજ્યના તમામ પ્રાથમિક શિક્ષકોને આ અવસરનો લાભ લઈને આ માનવતાના મહાદાનમાં જોડાઈ, સમાજ પ્રત્યેની પોતાની ફરજ નિભાવવા અપીલ છે. આ નિર્ણય શિક્ષકોને સમાજસેવામાં જોડાવા માટે પ્રોત્સાહિત કરશે અને રક્તદાનના મહત્વ વિશે જાગૃતિ પણ ફેલાવશે.

## જાસૂસી કાંડ સહિત ૪૬ ગુનાના આરોપી ભરૂચના બોબડાના ઘર પર બુલડોઝર ફર્યું

। (એજન્સી) ભરૂચ, તા.૧૦ ।

ભરૂચમાં ગુંડા એક્ટ હેઠળ કાર્યવાહીમાં નામચીન બુટલેગર નયન કાયસ્થ ઉર્ફે બોબડોનું ગેરકાયદેસર બાંધકામ તોડી પડાયું હતું. ગુંડા એક્ટ હેઠળ ભરૂચ પોલીસ અને BAUDA દ્વારા કાર્યાવાહી કરવામાં આવી હતી. કુખ્યાત બુટલેગરનું ગેરકાયદે બાંધકામ તોડી પડાતાં સ્થાનિક ગુનેગારોમાં સોંપો પડી ગયો હતો. ભરૂચના કુખ્યાત બુટલેગર નયન બોબડો સામે ગુજરાત જાસૂસી કાંડ સહિત ૪૬ ગુના નોંધાયેલા છે.ભરૂચમાં ગુંડા એક્ટ હેઠળ તંત્ર દ્વારા ગેરકાયદેસર બાંધકામો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઝાડેશ્વર વિસ્તારમાં રવિ પૂજન સોસાયટીમાં રહેતા ગુજરાત અને ભરૂચ જિલ્લાના નામચીન બુટલેગર નયન ઉર્ફે બોબડા કિશોરચંદ્ર કાયસ્થના નિવાસ સ્થાન ઉપર પોલીસ સાથે બૌડા વિભાગ દ્વારા ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

### ધો.૬થી ૧૨ના વિદ્યાર્થીઓ ઓનલાઈન માધ્યમથી જ શિક્ષણ મેળવે છે

# સેવન્થ ડે સ્કૂલમાં ઘટનાના 3 સપ્તાહ બાદ પણ ઓફલાઈન શિક્ષણ શરૂ થયું નથી

### સેવન્થ ડે સ્કૂલમાં ધો.૧૦ના વિદ્યાર્થીની અન્ય વિદ્યાર્થીએ હત્યા કરી દેતા સમગ્ર વિસ્તારમાં ભારે આક્રોશ ફેલાયો હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

મણિનગરમાં આવેલી સેવન્થ ડે સ્કૂલમાં ધો.૧૦ના વિદ્યાર્થીની હત્યાની ઘટનાના ત્રણ સપ્તાહ પછી પણ ઓફલાઈન શિક્ષણ શરૂ થયું નથી. સ્કૂલમાં ઓફલાઈન શિક્ષણ ક્યારથી શરૂ થશે તે અંગે પણ કોઈ સ્પષ્ટતા નથી. આમ, વિદ્યાર્થીઓને હજુ કેટલાક દિવસ ઓનલાઈન શિક્ષણ મેળવવું પડે તેમ છે. હત્યાની ઘટના બાદ જિલ્લા શિક્ષણાધિકારીની ટીમ સ્કૂલ પર તૈનાત કરવામાં આવી હતી. જેમની સમક્ષ અનેક વાલીઓ દ્વારા પ્રવેશ રદ કરવવા માટે અરજી કરી હતી. અધિકારીઓના કહેવા પ્રમાણે સ્કૂલમાંથી અંદાજે ૫૦૦ જેટલા પ્રવેશ રદ થવાની શક્યતા છે. સેવન્થ ડે સ્કૂલમાં ધો.૧૦ના વિદ્યાર્થીની અન્ય વિદ્યાર્થીએ હત્યા કરી દેતા સમગ્ર વિસ્તારમાં ભારે આક્રોશ ફેલાયો હતો. ઘટનાના પગલે મોટી સંખ્યામા લોકો સ્કૂલ કેમ્પસ પર ધસી આવ્યાં હતાં. સ્કૂલમાં ભારે તોડફોડ સાથે વિરોધ નોંધાવ્યો




હતો. મામલો વધુ ગંભીર બનતાં કેમ્પસમાં ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. આ ઘટનાના પગલે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તાત્કાલીક સ્કૂલમાં ઓફલાઈન શિક્ષણ બંધ કરાવી દીધું હતું અને ૨૫ ઓગસ્ટથી ધો.૬થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન શિક્ષણ શરૂ કરાવ્યું હતું.

### પુણામાં એમ્બ્રોઈડરીના કારખાનામાં હત્યા થઇ હતી

# સુરતમાં સહકર્મીની હત્યા કરનાર કારીગરને આજીવન કેદની સજા

। સુરત, તા.૧૦ ।

સુરત શહેરમાં આવેલા પુણા વિસ્તારમાં ભાગ્યોદય ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના એમ્બ્રોઈડરી યુનિટમાં સાથી કામદારની હત્યા કરનારને સુરતની સેશન્સ કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે. સામાન્ય બાબતે કારીગર ઉપર એમ્બ્રોઈડરી મશીનના સ્ટેન્ડના ટેકા વડે જીવલેણ હુમલો કરી મોતને ઘાટ ઉતારી દેવાયો હતો. કોર્ટે આજીવન કેદની સજા ઉપરાંત રૂ.૧૫ હજારનો દંડ પણ ફટકાર્યો હતો.રામકુમાર મણીરામ શર્મા ડિંડોલીમાં સી.આર. પાટીલરોડ ઉપર શિવાજીનગરમાં તેમના મોટાભાઈ સાહબલાલ શર્મા સાથે રહેતો હતો. રામકુમાર પુણા ભાગ્યોદય ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના ખાતામાં એમ્બ્રોઈડરી મશીન ચલાવવાનુ કામ કરતો હતો. ગત.તા.૧૩-૧૨—૨૦૨૦ના રોજ રામકુમાર રાતપાળીમાં કામ પર ગયો હતો. દરમિયાન સહ કારીગર ધર્મેન્દ્ર ત્રિભુવન પ્રસાદ( ભાગ્યોદય ઈન્ડસ્ટ્રીય એસ્ટેટ, ડીઆર વર્લ્ડ



પાછળ, પુણા, મૂળ ધમવલગામ, ભોજપુર, બોહરનપુર, બિહાર) સાથે રામકુમારનો બે દિવસ પહેલાં સામાન્ય મુદ્દે ઝઘડો થયો હતો. આ ઝઘડાની અદાવત રાખી ધર્મેન્દ્રએ એમ્બ્રોઈડરી મશીનના સ્ટેન્ડના ટેકા વડે રામકુમારના માથા ઉપર ઘા માર્યા હતા. જીવલેણ હુમલો કરી ધર્મેન્દ્ર ભાગવા જતા રઘુવીર ટેક્સટાઈલ માર્કેટના વોચમેન અશોકભાઈએ તેને પકડવાની કોશિષ કરી હતી. ધર્મેન્દ્રએ વોચમેન અશોકભાઈ ઉપર પણ જીવલેણ હુમલો કરી દીધો હતો. અશોકભાઈને ગંભીર ઈજા પહોંચી અને રામકુમારનુ મોત નિપજ્યું હતું.આ કેસની સુરત કોર્ટમાં ચાલી હતી.

### જોધપુર એરફોર્સ હેલિકોપ્ટર સ્ટેન્ડ બાય પર, જરૂર પડે ત્યારે ઉપયોગ માટે તૈયાર

# સૂઈગામના નડાબેટ સહિત ૧૦ ગામો ત્રીજા દિવસે પણ સંપર્ક વિહોણાં

### NDRF, SDRF તેમજ પોલીસ સ્ટાફ દ્વારા પાણીમાં ફસાયેલા ૧૬૭૮ લોકોનું સફળતા પૂર્વક રેસ્ક્યું તથા સ્થળાંતર કરવામાં આવ્યું

। (એજન્સી) પાલનપુર, તા.૧૦ ।

અતિભારે વરસાદના કારણે બનાસકાંઠા જિલ્લાના સુઇગામ તાલુકાના તમામ ગામોમાં પૂરની સ્થિતિનું નિર્માણ થયું છે. ત્રીજા દિવસે પણ સુઇગામ તાલુકાના નડાબેટ સહિત ૧૦ ગામો સંપર્ક વિહોણાં છે. પૂરની સ્થિતિને પહોંચી વળવા તંત્ર દ્વારા NDRF, SDRF તેમજ પોલીસ સ્ટાફ દ્વારા પાણીમાં ફસાયેલા 1678 લોકોનું સફળતા પૂર્વક રેસ્ક્યું તથા સ્થળાંતર કરવામાં આવ્યું છે. જ્યારે હજુ પણ નવ જેટલા ગામો સંપર્ક વિહોણા છે.સરહદી વિસ્તારના ગામોમાં પૂરની પરિસ્થિતિનું નિર્માણ થતાં સુઇગામ તાલુકાના ૧૦ જેટલા ગામો હજુ પણ સંપર્ક વિહોણાં છે. જ્યારે મોટાભાગના તાલુકામાં વરસાદ



પડ્યાના ત્રણ દિવસ થવા છતાં અંધારપટ છવાયેલો છે. જોકે વરસાદ બંધ થતાં તંત્ર દ્વારા અલગ અલગ ટીમો બનાવી બચાવ અને રાહત કામગીરી તેજ બનાવવામાં આવી છે. સુઇગામના ત્રણ રસ્તા, રૂપાણી વાસ, શિવનગર સહિત નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ જતાં ૨૦૦ જેટલા પરિવારોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે અનેક ગામોમાં કપરી પરીસ્થિતિના કારણે એ ગામોમાં જવા-આવવા માટે ટ્રેક્ટર કે NDRF ની હોડીમાં જ ફુડ પેકેટ પહોંચાડવામાં આવી રહ્યાં છે. તો હજુ પણ સુઇગામ તાલુકાના કેટલાક ભાગોમાં કેડ સમા પાણી ભરાયેલા છે. જેના લીધે અનેક પશુઓના મોત થવાની શક્યતા છે. મોટા ભાગના ઘરોમાં ઘરવખરી, અનાજ સહિત બધી વસ્તુઓ પાણીમાં ગરકાવ છે. જ્યારે વધુ પાણી ભરાતા સુઇગામની ગૌશાળામાં રહેલી ૧૦૦ જેટલી ગાયોનું પણ મોત થયું હોવાનું ગામ લોકો જણાવી રહ્યા છે. આ ઉપરાંત વાવ તાલુકાના રેલ નદીને અડીને આવેલા ખાનપુર અને નાગલા ગામના પટ્ટામાં આવતા માડકા સહિત ઘણા ગામડાઓમાં વરસાદી પાણીને કારણે સંપર્ક વિહોણા બન્યા છે.

## સાબરમતી નદીમાં પૂરથી ચરોતરના ચાર તાલુકામાં ડાંગરના પાકને ભારે નુકસાની

। (એજન્સી) નડિયાદ, તા.૧૦ ।

સાબરમતી નદીમાં પુર આવતા ખેડા અને માતર તાલુકાના નદી કિનારે આવેલા ગામોમાં ખેડૂતોને રાતા પાણી એ રોવાનો વારો આવ્યો છે. મોટા ભાગના સીમાડાઓના ખેતરમાં પાણી છલોછલ ભરાઇ ગયુ હોવાને કારણે ડાંગરનો પાક નિષ્ફળ જવાની સ્થિતિ સર્જાઇ છે.આણંદ જિલ્લામાં તારાપુર અને ખંભાત તાલુકાના ૧૪ ગામોને પણ ઉપરથી પાણી છોડવાને કારણે વ્યાપક અસર થવા પામી છે. આ વિસ્તારના નીચાણવાળા ખેતરોમાં પૂરના પાણી ફરી વળતાં ખેતી પાકોને વ્યાપક નુકશાન થવા પામ્યું છે.ખેડા માતર તાલુકાના ગામડાઓમાં મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. હાલમાં આ વિસ્તારમાં ડાંગરનુ વાવેતર કર્યુ હતુ. તેમજ આ પાક પણ તૈયાર થઈ ગયો હોય તેવી સ્થિતીમાં હતો. ત્યારે ઉપરવાસમાં થયેલ ભારે વરસાદને લઈને ધરોઈ ડેમમાંથી પાણી છોડવામાં આવ્યું હતું. સાબરમતી. મેસ્વો વાત્રક અને શેઢી નદી એમ કુલ ૭ નદીઓનો સંગમ માતર તાલુકાના પાલ્લા ગામ પાસે થાય છે. જેને લઈને તમામ પાણીએ ખેડા અને માતર તાલુકાના નદી કિનારે રહેતા લોકો નું જીવન અસ્ત વ્યસ્ત કરી નાખ્યું છે.માતર તાલુકાના રઢું, પથાપુરા, રસીકપુરા, પાલ્લા સહીતના ગામોમાં ચોમાસા દરમિયાન અહીંના ખેડૂતો એ મોટા પ્રમાણમાં ડાંગર ની ખેતી કરી હતી. આ ડાંગર સહીત શાકભાજીના પાકમાં પુર ના પાણી ફરી વળતા તમામ જે પાક હતો તે ફેઈલ જાય તેવું લાગી રહ્યું છે. તારાપુર તાલુકાના નભોઈ અને રીંઝા ગામમાં પાણી ફરી વળ્યાં હતા. ખંભાત તાલુકાના કેટલાક ગામોમાં પણ પાણી ફરી વળ્યાં હતા. આણંદ જિલ્લાના બે તાલુકાના કેટલાક ગામોના ખેતરો પાણી ડૂબી જતાં ડાંગરનો પાક નિષ્ફળ જાય તેવી સ્થિતિ સર્જી છે.

# વડોદરાની સયાજી હોસ્પિટલના એસો. પ્રોફેસર સામે દુષ્કર્મની નોંધાઇ ફરિયાદ

### સાઇકિયાટ્રિક વિભાગમાં ફરજ બજાવી રહેલા સિનિયર તબીબે લગ્નની લાલચ આપીને મહિલા તબીબ સાથે શારિરીક સબંધ બાંધ્યા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ

। (પ્રતિનિધી) વડોદરા, તા.૧૦ ।

વડોદરાની સયાજી હોસ્પિટલમાં સાઇકિયાટ્રિક વિભાગમાં એસો. પ્રોફેસર તરીકે ફરજ બજાવતાં ૫૪ વર્ષિય ડો. ચિરાગ બારોટ સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાતાં તબીબી આલમમાં ચકચાર મચી ગઈ છે. સિનિયર તબીબે લગ્નની લાલચ આપીને હોમિયોપેથિક તબીબ મહિલાની સાથે લાંબા સમયથી શારીરીક સબંધ બાંધ્યા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ફરિયાદના પગલે પોલીસે તબીબની અટકાયત કરીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી દીધી છે.પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, વડોદરા સ્થિત સયાજી જનરલ હોસ્પિટલમાં સાઇકિયાટ્રિક વિભાગમાં ફરજ બજાવતાં ૫૪ વર્ષીય સિનિયર તબીબ ચિરાગ બારોટ (રહે. ગોકુલધામ સોસાયટી, વિદ્યાવિહાર સ્કૂલ પાસે, સુભાનપુરા) પરિણીત છે, તેઓ લાંબા સમયથી સયાજી હોસ્પિટલમાં ફરજ બજાવી રહ્યાં છે. આ સાથે તેઓ મેડિકલના વિદ્યાર્થીઓને લેકચર પણ આપે છે.ગત ૨૦૦૮માં તેઓ એક કાર્યક્રમ દરમિયાન પીડિત મહિલા હોમિયોપેથિક તબીબના સંપર્કમાં આવ્યા હતા. તે સમયે બન્નેએ મોબાઈલ નંબરની આપલે કરી હતી. ફોન પર એક બીજા સાથે સંપર્કમાં આવતા બન્ને વચ્ચે ધીમે ધીમે નિકટતા વધી હતી. ત્યારબાદ વચ્ચે શારીરીક સંબંધો પણ બંધાયા હતા. પીડિત મહિલા તબીબના ૨૦૧૦માં તેમના પતિ સાથે છુટાછેડા થયા હતા. છુટાછેડા થયા ડો. ચિરાગ બારોટ અને પીડિતા વચ્ચે નિકટતા વધી હતી. તેઓ વારંવાર મળતા અને ડો. ચિરાગ બારોટ પોતે પરિણિત હોવા છતા પોતાની પત્નીને છુટાછેડા આપી પીડિતાને લગ્ન કરવાના વાયદા કરતા હતા. સમય વિતતો ગયો પરંતુ પીડિતાને કરેલા વાયદા ડોકટરે પૂર્ણ ન કર્યા અને અન્ય કોઈની સાથે સંબંધ ન રાખવા માટે પણ દબાણ કરતા હતા. ૨૦૦૮થી ડો. ચિરાગ બારોટ પીડિતાને લગ્ન કરવાની લાલચ આપી શારીરીક સંબંધ બાંધતા રહ્યા હતા.તેવામાં ડો. ચિરાગ બારોટના શારીરીક ત્રાસથી કંટાળી આખરે પીડિત મહિલા તબીબે આ મામલે સયાજી હોસ્પિટલમાં ફરજ બજાવતા ડો. ચિરાગ બારોટ સામે દુષ્કર્મની ફરીયાદ નોંધાવતા પોલીસે આ મામલે ગુનો નોંધી તેમની અટકાયત કરીને વધુ તપાસ હાથ ધરી છે. આ તબીબની પત્ની પણ તબીબ હોવાનું સામે આવ્યુ હતુ.

